श्री परमात्मने नमः । ॐ अर्हं नमः । श्री गुरवे नमः ।

અકલંક ગ્રંથમાળા – પુષ્પ ૯૮

वाचकेन्द्रोमास्वातिविरचितं

# श्रीप्रशमरतिप्रकरणम् ।

# પ્રશમરતિ પ્રકરણ

: સંપાદક :

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મહારાજ

卐 卐

: પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા

પાંચ પોળ જૈન સંઘ, કલ્યાણનગર જૈન ઉપાશ્રય,

શાહપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦૦૦૪.

# છપાયેલ પુસ્તકોનો યાદી


૧. કલ્યાણક સ્તવન ટોડર
૨. ઋષભદેવ ચરિત્ર
૩. શાંતિનાથ ચરિત્ર
૪. નેમિનાથ ને કૃષ્ણ ચરિત્ર
૫. પાર્શ્વનાથ ને આદિનાથ ચરિત્ર
૬. મહાવીર ચરિત્ર
૭. જૈન રામાયણ
૮. ચેઈયથયથુઈ સજ્ઝાય માળા
૯ શુકરાજાની કથા
૧૦. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય-અર્થ સાથે
૧૧. અકલ કવિજયનું જીવનચરિત્ર
૧૨. કુમાળપાળ ચરિત્ર
૧૩. ભક્તામર અર્થ કથા સહિત
૧૪. છ કર્મગ્રંથ સાર ભા ૧
૧૫. નળ-દમયંતી ચરિત્ર
૧૬. પ્રકરણ ભાષ્યસાર
૧૭. જૈન કથાઓ ભાગ ૧
૧૮. છ કર્મગ્રંથ સાર ભાગ ૨
૧૯. જૈન કથાઓ ભાગ ૨
૨૦. સજ્ઝાયમાળા
૨૧. ભોગોપભોગ વિરમણવ્રત
૨૨. કુવલયમાળા કથા
૨૩. સામયિક પ્રતિક્રમણને અષ્ટકર્મ ઉપરની કથાઓ
૨૪. તિલમંજરી
૨૫. જૈન કથાઓ ભાગ ૩
૨૬. વૈરાગ્યનું અમૃત યાને સમરાદિત્ય ચરિત્ર
૨૭. ઋષભદેવ ચરિત્ર સ્તવનો સાથે
૨૮. શાન્તિનાથચરિત્ર સ્તવનો સા[thે]
૨૯. નેમિનાથ ચરિત્ર સ્તવનો સા[થે]
૩૦. પાર્શ્વનાથ ચરિત્ર સ્તવનો સાથે
૩૧. મહાવીરચરિત્ર સ્તવનો સાથે
૩૨. જૈન રામાયણ
૩૩. ભક્તિ-મુક્તિ પર્યુષણમાળા
૩૪. ભૂર્ભુવઃ સ્વઃ ભાગ ૧
૩૫. શાંબપ્રદ્યુમન ચરિત્ર
૩૬. વીશ સ્થાનકની કથાઓ
૩૭. જૈન કથાઓ ભાગ ૪
૩૮. મયણા શ્રીપાળ
૩૯. નેમિ વિવાહલો
૪૦. મહાબળ મલયાસુંદરી
૪૧ થી ૪૭. જૈન કથાઓ ભાગ ૫ થી ૧૧
૪૮. ચેઈયથયથુઈ સજ્ઝાયમાળા
૪૯. સજ્ઝાયમાળા ભાગ ૨
૫૦. છ કર્મગ્રંથસાર
૫૧. જૈનદર્શનને શ્રાવકદિન કૃત્ય
૫૨. જૈન કથાઓ ભાગ ૧૨
૫૩. ચેઈયથયથુઈ સંગ્રહ


[ અનુસંધાન મુખપૃષ્ઠ ૩ ઉપર...

श्री परमात्मने नमः । ॐ अर्हं नमः । श्री गुरवे नमः ।

અકલંક ગ્રંથમાળા – પુષ્પ ૯૮

वाचकेन्द्रोमास्वातिविरचितं

# श्रीप्रशमरतिप्रकरणम् ।

# પ્રશમરતિ પ્રકરણ

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મહારાજ

: પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા

પાંચ પોળ જૈન સંઘ, કલ્યાણનગર જૈન ઉપાશ્રય,
શાહપુર દરવાજા બહાર, અમદાવાદ–૩૮૦૦૦૪.

મુદ્રક : શ્રી સ્વામિનારાયણ મુદ્રણ મંદિર
કે ભીખાલાલ ભાવસાર, પ્રોપ્રાયટર
૨૧, પુરૂષોત્તમનગર, નવા વાડજ બસ સ્ટેન્ડ સામે
નવા વાડજ, અમદાવાદ–૩૮૦૦૧૩.

# યોજના

શ્રી અકલંક ગ્રંથમાળા તરફથી જૈન ધર્મના અત્યુત્તમ પુસ્તકો છપાય છે. તેમાં યથાશક્તિ લાભ લેવા વિનંતી છે, જ્ઞાનદાન સર્વોત્કૃષ્ટ દાન છે, રૂા. ૧૫૦૧, આપવાથી પેટ્રન થવાય છે અને છપાતાં હજાર પુસ્તકમાં ફોટો, જીવનઝરમર લેવાય છે.

રૂપિયા ૧૦૦૧) આજીવન સભ્યના છે.

રૂપિયા ૫૫૧) પાંચ વર્ષના સભ્યના છે.

રૂપિયા ૨૫૧) બે વર્ષના સભ્યના છે.

રૂપિયા ૧૫૧) એક વર્ષના સભ્યના છે.

ઉપર મુજબ કે તેથી વધુ આપનારનું નામ પુસ્તકમાં લેવાશે. હાજર પુસ્તકોનુ લિસ્ટ પાછળ આપ્યું છે. તેમજ કુલ અઠ્ઠાણું પુસ્તકો છપાયાં છે અને દશ બાકી છે. એકસો આઠ છાપવાની ધારણા છે. પૂ. સાધુ–સાધ્વીઓને તેમજ જ્ઞાનભંડારને આ પુસ્તકો ભેટ અપાય છે. તેમજ શ્રાવક-શ્રાવિકાને ઓછામાં ઓછા રૂા. ૧૫૧, ભેટ મોકલવાથી હાજર પુસ્તકો ભેટ અપાય છે. પુસ્તકોનું વેચાણ થતું નથી. ભેટ રકમ લેવાય અને ભેટ પુસ્તકો અપાય છે. સાધુ સાધ્વીઓને વિનંતી કરવામાં આવે છે કે આપ ઉપધાન ઉજમણા પ્રસંગે મહોત્સવ પ્રસંગે અમોને સારી રકમ મોકલાવશો તો આપના કહેવા મુજબ પુસ્તકો છપાવીશું. વર્ષીતપ, સિદ્ધિ તપ ઉપધાનાદિમાં પ્રભાવના માટે પડતર કિંમતે પુસ્તકો અપાશે.

卐

# આમુખ

પૂ૦ તપસ્વી મુનિશ્રી અક્લકવિજયજીએ આજ સુધીમાં ૯૭ (સતાણુ) પુસ્તકો છપાવી બહાર પાડયાં છે.

તેમાં પણ છ કર્મગ્રંથસાર, બૃહદ્ સંગ્રહણી, ઉપમિતિભવ પ્રપંચા ભા. ૧–૨, જૈન રામાયણ, મહાભારત, વસુદેવહિંડી, ક્ષેત્રસમાસ તત્ત્વાર્થ સૂત્ર પ્રસ્તુત પ્રશમરતિ પ્રકરણ દશ પુર્વધરનુ રચેલું છે અને જૈન કથાઓના વીશ ભાગ આદિ ઘણું અગત્યનુ વાચન–મનન કરવા યોગ્ય સાહિત્ય બહાર પાડ્યું છે.

આજે વર્તમાનમાં જડવાદને પોષણ કરે તેવું સાહિત્ય વર્તમાનપત્રો મેગેઝીનો ઇત્યાદિ થોકબંધ સાહિત્ય બહાર પડતું જાય છે. વળી તેની ભાષા વગેરે આકર્ષક હોય છે. એટલે અનભ્યાસીઓ તેમાં વધારે લપટાય છે.

વળી આજે સાત્ત્વિક સાહિત્યની ઊણપ દેખાતી રહી છે તેવા સમયમાં ઉક્ત મુનિશ્રી કાર્ય કરી રહ્યા છે. તે સાચેજ અભિનંદનના અધિકારી છે

તેઓની તપસ્યા ચાલુ હોવા છતાં એકલે હાથે કામ કરી રહ્યા છે. વર્ધમાન આંબેલતપની એકસો ઉપરાંત એકાવનમી ઓળી તેમણે હમણાં જ પૂરી કરી છે.

જુદા જુદા વિષયો પર એકીકરણ કરી છપાવવું તેનો ખર્ચ કરી એકલે હાથે આ પુસ્તિકાઓ વિશેષ છપાવી બહાર પાડવી તેમાં કેટલો શ્રમ પડતો હશે તે અનુભવી સમજી શકે.

આજે જૈનસાહિત્યનાં દળદાર પુસ્તકો ઘણાં હોય છે. આવી પોકેટમાં પણ રહી શકે. ટ્રેનવાહનમાં વાંચી શકે તેવી અગત્યની ઉપર જણાવ્યા મુજબની પુસ્તિકાઓ ઓછી બહાર પડતી હોય છે.

આ ઉપરથી મુનિશ્રીનો ઘણો ઊંડો અભ્યાસ જણાઈ આવે છે. જૈન જૈનુતર સમજ આવા કાર્યને સહકાર આપતો રહે છે તે નિર્વિવાદ છે.

મુનિશ્રીને મારી નમ્ર વિનંતી છે કે આ પુસ્તકોમાં કાગળ બાઈન્ડીંગ વગેરે હજુ સંગીન કરવામાં આવે. જૈન દર્શનના અભ્યાસમાં જેઓ રસ ધરાવે છે. તેઓ આવા વાંચનથી ઘણું પ્રાપ્ત કરી શકશે તે શંકા વિનાની વાત છે. એટલું જ નહિ પણ જ્ઞાનસ્ય ફલં વિરતીમાં પ્રગતિ સાધી શકશે

પૂ. મુનિશ્રી દિનપ્રતિદિન પોતાના કાર્યમાં પ્રગતિ કરો તેવી પ્રાર્થના છે. તેમ આજે જ્યારે શિથિલતા તરફ વધતો રહ્યો છે. ત્યારે આવા કર્મવીર સાધુને પ્રોત્સાહન આપવું તે સૌ કોઈની ફરજ બની રહે છે.

લિ. આપનો શ્રાવક

૭, ગૌતમ નિવાસ, દફતરી રોડ, — વાડીલાલ જીવરાજ શાહ
મલાડ (ઈસ્ટ) મુંબઈ–૪૦૦૦૯૭.
તા. ૭–૬–૧૯૯૦.

## वाचकेन्द्रोमास्वातिविरचितं

# श्रीप्रशमरतिप्रकरणम् ।

# પ્રશમરતિ પ્રકરણ

## મંગળાચરણ

नाभेयाद्याः सिद्धार्थराजसूनुचरमाश्चरमदेहाः ।
पञ्च नव दश च, दशविधधर्मविधिविदो जयन्ति जिनाः ॥१॥

નાભિરાજાના પુત્ર ઋષભદેવથી માંડીને સિદ્ધાર્થરાજાના પુત્ર છેલ્લા શ્રી વર્ધમાનસ્વામી છેલ્લું શરીર ધારણ કરનારા પાંચ નવ દશ=ચોવીસ તીર્થંકરો દશ પ્રકારના ધર્મના વિધિના જ્ઞાતા વિજય પામે છે. ૧

जिनसिद्धाचार्योपाध्यायान् प्रणिपत्य सर्वसाधूंश्च ।
प्रशमरतिस्थैर्यार्थं वक्ष्ये जिनशासनात्किञ्चित् ॥२॥

જિનેશ્વરો, સિદ્ધો, આચાર્યો અને ઉપાધ્યાયોને પ્રણામ કરીને અને સર્વ સાધુમહારાજાઓને પ્રશમરસમાં સ્થિરતા માટે જૈન શાસનમાંથી કંઈક કહું છું. પ્રશમરતિ એટલે જીવનમાં શાન્તિનો રંગ જમાવે. શાંતરસમય જૈન શાસનના આધારે કહેવા ધારું છું. આમાં પંચ પરમેષ્ઠિ અને ચોવીશે તીર્થંકરોને પ્રણામ કરવારૂપ મંગલાચરણને પ્રશમરતિ એ વિષય-અભિધેય કહ્યું. ૨

यद्यप्यनन्तगमपर्यायार्थहेतुनयशब्दरत्नाढ्यम् ।
सर्वज्ञशासनपुरं प्रवेष्टुमबहुश्रुतैर्दुःखम् ॥३॥

જોકે અનંતગમપર્યાય અર્થ હેતુનય શબ્દરૂપી રત્નોથી

સમૃદ્ધ સર્વજ્ઞ પ્રભુના શાસનરૂપી શહેરમાં પ્રવેશ કરવાને બહુશ્રુત વગરનાને દુઃખમય–કષ્ટમય મુશ્કેલીભર્યું છે. ૩

श्रुतबुद्धिविभवपरिहीणकस्तथाप्यहमशक्तिमविचिन्त्य ।
द्रमक इवावयवोञ्छकमन्वेष्टुं तत्प्रवेशेप्सुः ॥४॥

તો પણ હું શાસ્ત્ર અને બુદ્ધિના વૈભવ વગરનો નિર્બળતા વિચાર્યા વિના ભિખારી પેઠે ટુકડાઓ વીણવાનું કામ શોધી કાઢવા તે નગરમાં પેસવાની ઇચ્છાવાળો. ૪

बहुभिर्जिनवचनार्णवपारगतैः कविवृषैर्महामतिभिः ।
पूर्वमनेकाः प्रथिताः प्रशमजननशास्त्रपद्धतयः ॥५॥

ઘણા જિનેશ્વર પ્રભુના વચનરૂપી સમુદ્રને પાર પામેલા કવિ શ્રેષ્ઠોએ—મહાબુદ્ધિશાળીઓએ પહેલાના વખતમાં અનેક શાન્તિ આપનારા શાસ્ત્રની ગૂંથણીઓ પ્રસિદ્ધ કરેલી છે. ૫

ताभ्यो विसृताः श्रुतवाक्पुलाकिकाः प्रवचनाश्रिताः काश्चित् ।
पारम्पर्यादुच्छेषिकाः कृपणकेन संहृत्य ॥६॥

તેમાંથી ફેલાયેલી શાસ્ત્ર વાક્યરૂપી કણકીઓ જૈન શાસ્ત્રોને અનુસરતી કેટલીક પરંપરાએ એઠ-પડેલી ભિખારીએ એકઠી કરીને—૬

तद्भक्तिबलार्पितया मयाप्यविमलाल्पया स्वमतिशक्त्या ।
प्रशमेष्टतयानुसृता विरागमार्गैकपदिकेयम् ॥७॥

તેના ઉપરની પૂરી ભક્તિને લીધે જામેલી મેં પણ ગંદી અને ઓછી પોતાની બુદ્ધિની શક્તિથી શાન્ત બહુ જ પ્રિય હોવાથી તેને અનુસારે આ વૈરાગ્યમાર્ગની એક પગદંડી રચેલી છે. ૭

यद्यप्यवगीतार्था न वा कठोरप्रकृष्टभावार्था ।
सद्भिस्तथापि मय्यनुकम्पैकरसैरनुग्राह्याः ॥८॥

જોકે મારી આ રચના બહુ ગંભીર અર્થવાળી નથી તેમજ બહુ ચોકસાઈ ભરેલા અને બહુ ઊંચી કક્ષાના ભાવાર્થોથી ભરેલી નથી તો પણ દયાપાત્ર એવા મારા ઉપર ઉપકાર કરવાની ટેવવાળા હે સજ્જન પુરુષો ! તેને આપની કૃપાપાત્ર બનાવશો, એવી મારી પ્રાર્થના છે. ૮

कोऽत्र निमित्तं वक्ष्यति निसर्गमति सुनिपुणोऽपि वाद्यन्त ।
दोषमलिनेऽपि सन्तो यद्गुणसारग्रहणदक्षाः ॥९॥

કેમકે સજ્જન પુરુષો ભૂલોથી ભરેલી વસ્તુમાંથી પણ ગુણો અને સાર હોય તે લઈ લેવામાં ચતુર હોય છે તે બાબતમાં સહજ બુદ્ધિશાળી અને ગમે એવો ચતુર છતાં પણ એવો કયો માણસ છે કે તેઓના સહજ સ્વભાવ સિવાય બીજું કાંઈ પણ કારણ બતાવી શકે ? ૯

सद्भिः सुपरिगृहीतं यत्किञ्चिदपि प्रकाशतां याति ।
मलिनोऽपि यथा हरिणः प्रकाशते पूर्णचन्द्रस्थः ॥१०॥

સજ્જન પુરુષો જે કોઈ વસ્તુને હાથ આપે છે તે આપો-આપ ઝગમગી ઊઠે છે જુઓને, જેમ મેલો અને કાળો છતાં હરણ પૂનમના ચંદ્રમામાં ખીલી ઊઠે છે. ૧૦

बालस्य यथा वचनं काहलमपि शोभते पितृसकाशे ।
तद्वत्सज्जनमध्ये प्रलपितमपि सिद्धिमुपयाति ॥११॥

જેમ માબાપ આગળ બોલતાં બાળકના કાલાકાલા બોલ મધુર લાગે છે, તેમ સજ્જન પુરુષોની વચ્ચેનો બકવાટ પણ માનનીય રીતે જાહેરમાં આવી જાય છે. ૧૧

ये तीर्थंकृत्प्रणीता भावास्तदनन्तरैश्च परिकथिताः ।
तेषां बहुशोऽप्यनुकीर्तनं भवति पुष्टिकरमेव ॥१२॥

તીર્થંકર પરમાત્માઓએ જે જે પદાર્થ કહ્યા છે તથા તેમની પછીના મહાપુરુષોએ તેને જે જે સરસ રીતે કહ્યા છે તેઓનું વારંવાર સન્માનપૂર્વક પુનરાવર્તન કરવું તે લાભકારક જ હોય છે. ૧૨

यद्वद्विषघातार्थं मन्त्रपदे न पुनरुक्तदोषोऽस्ति ।
तद्वद्रागविषघ्नं पुनरुक्तमदुष्टमर्थपदम् ॥१३॥

જેમ એક વર ઔષધ ખાવા છતાં રોગ મટાડવા માટે વારંવાર તે ખાવું પડે છે તે પ્રમાણે રાગદ્વેષરૂપી રોગ મટાડવામાં કામ લાગે તેવા અર્થોર્થી ભરેલાં પદોનો વારંવાર ઉપયોગ કરવો જ જોઈએ. ૧૩

यद्वदुपयुक्तपूर्वमपि भैषजं सेव्यतेऽर्तिनाशाय ।
तद्वद्रागार्तिहरं बहुशोऽप्यनुयोज्यमर्थपदम् ॥१४॥

જેમ ઝેર ઉતારવામાં મંત્રોના પદોનો વારંવાર ઉચ્ચાર કરવામાં દોષ ગણાતો નથી તેમ રાગદ્વેષ રૂપી ઝેરનો નાશ કરનારા અર્થ, પદોનો વારંવાર ઉચ્ચાર કરવામાં દોષ ગણવાના નથી. ૧૪

वृत्त्यर्थं कर्म यथा तदेव लोकः पुनः पुनः कुरुते ।
एवं विरागवार्ताहेतुरपि पुनः पुनश्चिन्त्यः ॥१५॥

જેમ લોકો આજીવિકા માટે એનું એ કામ વારંવાર કરે છે તેમ વીતરાગપણાની વાતોની ચિંતવના વારંવાર કરવી જ જોઈએ ૧૫

दृढतामुपैति वैराग्यभावना येन येन भावेन ।
तस्मिंस्तस्मिन् कार्यः कायमनोवाग्भिरभ्यासः ॥१६॥

જે જે ભાવે વૈરાગ્યની ભાવના વધુને વધુ મજબૂત થાય તે તે ભાવમાં મન, વચન અને કાયાને વારંવાર લગાડયે જ રાખવાં જોઇએ. ૧૬

साध्यस्थ्यं वैराग्यं विरागता शान्तिरुपशमः प्रशमः ।
दोषक्षयः कषायविजयश्च वैराग्यपर्यायाः ॥१७॥

માધ્યસ્થ્ય, વૈરાગ્ય, વિરાગતા, શાન્ત, ઉપશમ, પ્રશમ દોષ ક્ષય અને કષાય વિજય એ સર્વ વૈરાગ્યના પર્યાયવાચક શબ્દો છે. ૧૭

इच्छा मूर्च्छा कामः स्नेहो गार्ध्यं ममत्वमऽभिनन्दः ।
अभिलाष इत्यनेकानि रागपर्यायवचनानि ॥१८॥

ઇચ્છા, મૂર્છા, કામ, સ્નેહ, ગાર્ધ્ય, મમત્વ, અભિનંદન અને અભિલાષ એ વિગેરે રાગના ઘણા પર્યાય શબ્દો છે ૧૮

ईर्ष्या रोषो दोषो द्वेषः परिवादमत्सरासूयाः ।
वैरप्रचण्डनाद्या नैके द्वेषस्य पर्यायाः ॥१९॥

ઇર્ષ્યા, રોષ, દોષ દ્વેષ, પરિવાદ, મત્સર, અસૂયા વેર, અને પ્રચંડતા એ વિગેરે દ્વેષના ઘણા પર્યાય શબ્દો છે. ૧૯

रागद्वेषपरिगतो मिथ्यात्वोपहतकलुषया दृष्टया ।
पञ्चास्रवमलबहुलार्त्तरौद्रतीव्राभिसन्धानः ॥२०॥

રાગ અને દ્વેષમાં ડુબેલો હોવાથી મિથ્યાત્વના ઉદયને લીધે મેલી દૃષ્ટિવાળો હોવાથી અને પાંચે આશ્રવોને આધારે એકઠા થયેલા ઘણા જ કર્મ મેલથી ખરડાયેલો હોવાથી આર્ત અને રોદ્ર ધ્યાનમાં તીવ્ર પણે એકાગ્રચિત્ત થઈ ગયેલ હોવાથી-૨૦

कार्याकार्यविनिश्चयसङ्क्लेशविशुद्धिलक्षणैर्मूढः ।
आहारभयपरिग्रहमैथुनसंज्ञाकलिग्रस्तः ॥२१॥

કર્તવ્ય અને અકર્તવ્ય નક્કી કરવામાં મૂઢ હોવાથી મનની મલીનતાને સ્વચ્છતાની ગેરસમજથી આહાર ભય મૈથુન પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓના કંકાસોની ગડમથલોમાં ખૂંચેલો અને—૨૧

क्लष्टाष्टकर्मबन्धनबद्धनिकाचितगुरुर्गतिशतेषु ।
जन्ममरणैरजस्रं बहुविधपरिवर्तनाभ्रान्तः ॥२२॥

દુઃખદાયક આઠ કર્મોના બંધનોથી બંધાયેલો તેના નિકાચીત બંધથી ભારે થઈ ગયેલો દેવનારક તીર્થં અને મનુષ્યોની સેંકડો ગતિઓમાં જન્મો અને મરણોથી વારંવાર અનેક રીતે જવા અને આવવાથી અથડાતો કુટાતો—૨૨

दुःखसहस्रनिरन्तरगुरुभाराक्रान्तकर्षितः करुणः ।
विषयसुखानुगततृषः कषायवक्तव्यतामेति ॥२३॥

હજારો દુઃખોના ભારના કાયમી દબાણથી દબાઈને દુબળો થઈ ગયલો દયાપાત્ર વિષયોના સુખેનો લંપટ જીવ ક્રોધી માની માયી અને લોભી કષાયાત્મા કહેવાય છે. ૨૩

स क्रोधमानमायालोभैरतिदुर्जयैः परामृष्टः ।
प्राप्नोति याननर्थान् कस्तानुद्देष्टुमपि शक्तः ॥२४॥

અત્યંત મુશ્કેલીથી જીતી શકાય તેવા ક્રોધમાન માયા અને લોભને વશ પડેલો બાપડો તે જીવ અનર્થોની જે જે પરંપરાઓ ભોગવે છે. તે કહેવાને પણ કોણ સમર્થ છે. ૨૪

क्रोधात्प्रीतिविनाशं मानाद्विनयोपघातमाप्नोति ।
शाठ्यात्प्रत्ययहानिं सर्वगुणविनाशनं लोभात् ॥२५॥

ક્રોધથી કોઈપણ સાથેનો પ્રેમ થતો નથી, માનથી વિનય-નમ્રતાગુણ ટકતો નથી. માયા લુચ્ચાઈથી કોઈ વિશ્વાસ રાખી શકતું નથી અને લોભથી સઘળા એ ગુણો નાશ પામે છે ૨૫

क्रोधः परितापकरः सर्वस्योद्वेगकारकः क्रोधः ।
वैरानुषङ्गजनकः क्रोधः क्रोधः सुगतिहन्ता ॥२६॥

ક્રોધ સંતાપ અકળામણ ઉપજાવે છે સઘળાને એ ઉદ્વેગ કરાવે છે. વૈરભાવની પરંપરા વધારે છે, સદ્ગતિનો નાશ કરે છે એટલે દુર્ગતિમાં લઈ જાય છે. ૨૬

श्रुतशीलविनयसंदूषणस्य धर्मार्थकामविघ्नस्य मानस्य ।
कोऽवकाशं मुहूर्तमपि पण्डितो दद्यात ॥२७॥

બુદ્ધિશાળી કયો ઉત્તમ પુરુષ શાસ્ત્ર, જ્ઞાન, સદાચાર તથા વિનયને ચુંથી નાખનારા અને ધર્મ, અર્થ અને કામમાં વિઘ્ન કરનારા માન-અભિમાનને ક્ષણવાર પણ અવકાશ આપે. ૨૭

मायाशीलः पुरुषो यद्यपि न करोति किञ्चिदपराधम् ।
सर्प इवाविश्वास्यो भवति तथाप्यात्मदोषहतः ॥२८॥

કપટી લુચ્ચો માણસ જો કે ગુનો કરતો હોય એમ જાહેરમાં દેખાતું નથી હોતું પરંતુ પોતાના એ દોષથી નિંદા થયેલો સર્પની માફક કોઈનોય વિશ્વાસપાત્ર રહી શકતો નથી. ૨૮

सर्वविनाशाश्रयिणः सर्वव्यसनैकराजमार्गस्य ।
लोभस्य को मुखगतः क्षणमपि दुःखान्तरमुपेयात ॥२९॥

સર્વ પ્રકારના વિનાશોના મુખ્ય આધારભૂત અને સાતેય પ્રકારના વ્યસનો કુટેવોના અથવા સર્વ કષ્ટોના એક અપૂર્વ રાજમાર્ગ જેવા લોભના મુખમાં સપડાયેલો કયો માણસ ક્ષણવાર પણ સુખ પામી શકે. ૨૯

एवं क्रोधो मानो माया लोभश्च दुःखहेतुत्वात् ।
सत्त्वानां भवसंसारदुर्गमार्गप्रणेतारः ॥३०॥

એ પ્રકારે ક્રોધ, માન; માયા અને લોભ ઉપર જણાવ્યા પ્રમાણે દુઃખોનાં જ ખાસ કારણો હોવાથી પ્રાણીઓને સંસારમાં ભમાડવા માટેના ભયંકરમાં ભયંકર માર્ગોમાં ઘસડી જનારા મુખ્યમાં મુખ્ય આગેવાનો છે. ૩૦

ममकाराहङ्कारावेषां मूलं पदद्वयं भवति ।
रागद्वेषावित्यपि तस्यैवान्यस्तु पर्यायः ॥३१॥

આ ચારેય ની ઉત્પત્તિનું મૂળ જીવનમાં મમકાર-મારાં મારું અને અહંકાર-હું હું એ બે પદો છે. રાગ અને દ્વેષ પણ એ બેના જ પર્યાય શબ્દો છે. ૩૧

मायालोभकषायश्चेत्येतद्रागसंज्ञितं द्वन्द्वम् ।
क्रोधो मानश्च पुनर्द्वेष इति समासनिर्दिष्टः ॥३२॥

मिथ्यादृष्ट्यविरमणप्रमादयोगास्तयोर्बलंदृष्टम् ।
तदुपगृहीतावष्टविधकर्मबन्धस्य हेतू तौ ॥३३॥

માયા અને લોભ કષાય એ બેના જોડકાનું નામ રાગ છે. ક્રોધ અને માન કષાય એ બેના જોડકાનું બનેલું નામ દ્વેષ છે. આ પ્રમાણે ટૂંકામાં આ ચારને બે નામથી ઓળખાવી શકાય છે હવે તે રાગ અને દ્વેષનું લશ્કર મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ અને યોગ સમજી શકાય છે. અને એ ચારેયની મદદથી તે બે રાગ અને દ્વેષ આઠ પ્રકારના કર્મોનો બંધ કરાવ્યા વિના રહેતા જ નથી તે, બંધ આઠ મૂળ કર્મોનો થાય છે.૩૨-૩૩

स ज्ञानदर्शनावरणवेद्यमोहायुषां तथा नाम्नः ।
गोत्रान्तराययोश्चेति कर्मबन्धोऽष्टधा मौलः ॥३४॥

જ્ઞાનાવરણીય દર્શનાવણીય વેદનીય મોહનીય આયુષ્ય નામગોત્રને અંતરાયના અનુક્રમ નીચે મુજબ ભેદો થાય છે.

पञ्चनवद्व्यष्टाविंशतिकश्चतुः षट्कमप्तगुणभेदः ।
द्विपञ्चभेद इति सप्तनवतिभेदास्तथोत्तरतः ॥३५॥

પાંચ નવ બે અઠ્ઠાવીસ ચાર બેતાલીસ બે પાંચ એમ સર્વ મળીને તેના સત્તાણુ પેટા ભેદો થાય છે. ૩૫

प्रकृतिरियमनेकविधा स्थित्यनुभावप्रदेशतस्तस्याः ।
तीव्रो मन्दो मध्य इति भवति बन्धोदयविशेषः ॥३६॥

સ્થિતિ અનુભાગ અનુભવ રસ પ્રભાવ અને પ્રદેશને અવલંબીને આઠ કર્મની પ્રકૃતિ અનેક પ્રકારની હોય છે તે પ્રકૃતિના તીવ્ર મંદ મધ્યમ એમ બંધ અને ઉદયમાં અનેક પ્રકાર પડે છે. ૩૬

तत्र प्रदेशबन्धो योगात्तदनुभवनं कषायवशात् ।
स्थितिपाकविशेषस्तस्य भवति लेश्याविशेषेण ॥३७॥

તેઓમાં કર્મનો પ્રદેશ બંધ યોગોના બળથી ઉત્પન્ન થાય છે કર્મનો પ્રભાવ અનુભાવરસ અનુભાગ કષાયને લીધે ઉત્પન્ન થાય છે અને અમુક અમુક લેશ્યાઓને લીધે કર્મોની સ્થિતિનો અમુક અમુક ચોક્કસ પ્રકારનો પરિપાક થાય છે. ૩૭

ताः कृष्णनीलकापोततैजसीपद्मशुक्लनामानः ।
श्लेष इव वर्णबन्धस्य कर्मबन्धस्थितिविधात्र्यः ॥३८॥

તે લેશ્યાઓ કૃષ્ણ નીલકાપોત તૈજસી પદ્મ અને શુકલ એ નામે છે. જેમ ગુંદ વગેરે ચીકાશવાળો પદાર્થ રંગની રચના ચિત્રકામને ટકાવે છે તેમ એ લેશ્યાઓ કર્મોનો બંધ અને કર્મોની સ્થિતિને મજબૂત કરે છે. ૩૮

कर्मोदयाद् भवगतिर्भवगतिमूला शरीरनिर्वृत्तिः ।
देहादिन्द्रियविषया विषयनिमित्ते च सुखदुःखे ॥३९॥

કર્મોના ઉદયથી સંસારમાંની કોઈપણ ગતિ ઉત્પન્ન થાય છે. ગતિ ઉત્પન્ન થતાં શરીર ઉત્પન્ન થાય જ શરીર ઉત્પન્ન થતાં ઇન્દ્રિયો અને તેના વિષયો ઉત્પન્ન થાય જ અને વિષયો આકર્ષવા લાગે એટલે તેને લીધે સુખ અને દુઃખ એ બેમાંથી કોઈપણ એકનો અનુભવ થવા લાગે છે. ૩૯

दुःखद्विट् सुखलिप्सुर्मोहान्धत्वाददृष्टगुणदोषः ।
यां यां करोति चेष्टां तया तया दुःखमादत्ते ॥४०॥

દૂર કરવાની ઇચ્છાથી જે પ્રાણી દુઃખનો દ્વેષી હોય અને સુખ મેળવવાની ઇચ્છાથી જે પ્રાણી સુખ ઇચ્છતો હોય પરંતુ મોહથી આંધળા થયેલાં હોવાથી જીવો બન્નેના ગુણ અને દોષને સમજી શકતા નથી તેથી તે બન્નેયને લીધે પ્રાણીઓ જે જે પ્રયત્ન કરે છે તે તે પ્રયત્નોથી પરિણામે તે તેઓ દુઃખ જ પામે છે. ૪૦

कलरिभितमधुरगांधर्वतूर्ययोषिद्विभूषणरवाद्यैः ।
श्रोत्रावबद्धहृदयो हरिण इव विनाशमुपयाति ॥४१॥

મીઠું આલાપયુક્ત અને મધુર સંગીત વાજિંત્રો અને સ્ત્રી અથવા સ્ત્રીના દાગીનાના અવાજ વિગેરેથી શ્રોતેન્દ્રયના વિષયોને શોખીન માણસ ભ્રષ્ટ થઈ હરણની માફક નાશ પામે છે ૪૧

गतिविभ्रमेङ्गिताकारहास्यलीलाकटाक्षविक्षिप्तः ।
रूपावेशितचक्षुः शलभ इव विपद्यते विवशः ॥४२॥

સ્ત્રીની લટકાળી ચાલ, હાવભાવ, ગૂઢભાવ સૂચક આકાર મોંના મરકડલાં અને કટાક્ષોથી લોભાઈ રૂપની પાછળ ભટકતી, આંખોવાળો માણસ બાપડા પતંગિયાની માફક મરી જાય છે. ૪૨

स्नानाङ्गरागवर्तिकवर्णकधूपाधिवासपटवासैः ।
गन्धभ्रमितमनस्को मधुकर इव नाशमुपयाति ॥४३॥

ન્હાવું, વિલેપન લગાડવુ, સુગંધી વાટવાને ચઢવું, શરીર ધુપાવવું ને અત્તર વગેરેથી સુગંધી દ્રવ્યોમાં મન લલચાવતો માણુસ ભમરાની પેઠે નાશ પામે છે. ૪૩

मिष्टान्नपानमांसौदनादिमधुररसविषयगृद्धात्मा ।
गलयन्त्रपाशबद्धो मीन इव विनाशमुपयाति ॥४४॥

મીઠાઈઓ, પીણાં, માંસ ઉચ્ચ પ્રકારના ખોરાકો વગેરેથી મધુર રસનો લાલચુ આત્મા લોઢાના કાંટાવાળી પકડમાં અને જાળમાં ફસાયેલા માછલાની માફક વિનાશ પામે છે. ૪૪

शयनासनसम्बाधनसुरतस्नानानुलेपनासक्तः ।
स्पर्शव्याकुलितमतिर्गजेन्द्र इव बध्यते मूढः ॥४५॥

સુંવાળી પથારી, સુંદર આસન, પગચંપી મૈથુનક્રીડા, શરીર ચોળાવીને સ્નાન અને વિલેપન વિગેરેનો શોખીન મૂઢ આત્મા હાથણીના સ્પર્શના લાલચુ હાથીની માફક બંધનમાં પડે છે. ૪૫

एवमनेके दोषाः प्रणष्टशिष्टेष्टदृष्टचेष्टानाम् ।
दुर्नियमितेन्द्रियाणां भवन्ति बाधाकरा बहुशः ॥४६॥

એ પ્રમાણે એકંદર મહાપુરુષોએ ઉપદેશેલા હિતકારી સમજ અને ક્રિયા અનુષ્ઠાનથી ભ્રષ્ટ થઇ ઇન્દ્રિયો ઉપરના કાબૂ ગુમવી ચૂકેલા માનવોને એ પ્રમાણેના દોષથી વારંવાર અનેક નુકસાનો વેઠવાં પડે છે. ૪૬

एकैकविषयसङ्गाद्रागद्वेषातुरा विनष्टास्ते ।
किं पुनरनियमितात्मा जीवः पञ्चेन्द्रियवशार्त्तः ॥४७॥

રાગ અને દ્વેષને વશ પડી એક એક વિષયમાં આસક્તિ રાખવાથી હરણ વગેરે જીવો નાશ પામ્યા તો પછી જે અસંયમી હોવાથી અને પાંચેય ઇન્દ્રિયોને વશ પડીને રોગીની માફક રીબાતો હોય તેવા જીવોનું તો પૂછવું જ શું ? ૪૭

न हि सोऽस्तीन्द्रियविषयो योनभ्यस्तेन नित्यतृषितानि ।
तृप्तिं प्राप्नुयुरक्षाण्यनेकमार्गप्रलीनानि ॥४८॥

વિષયોનો સ્વાદ વારવાર ચાખવા છતાં સદાએ તરસી ઇન્દ્રિયો ચારેય તરફથી અનેક રીતે વિષયો મેળવવામાં ફાંફાં માર્યા જ કરતી હોય છે. છતાં કોઈ પણ એવો વિષય છે કે જેને ભોગવીને કાયમ માટે પોતે સંતોષાય અને ફાંફાં મારવાનું છોડી દઈ શકે ? ૪૮

कश्चिच्छुभोऽपि विषयः परिणामवशात्पुनर्भवत्यशुभः ।
कश्चिदशुभोऽपि भूत्वा कालेन पुनः शुभीभवति ॥४९॥

શુભ છતાં પણ કોઈક વિષય પરિણામોની વિચિત્રતાને લીધે અશુભ થઈ જાય છે અને કોઈક અશુભ છતાં પણ કાળક્રમે શુભ થઈ જાય છે. ૪૯

कारणवशेन यद्यत् प्रयोजनं जायते तथा यत्र ।
तेन तथा तं विषयं शुभमशुभं वा प्रकल्पयति ॥५०॥

માટે જ્યાં જ્યાં જે જે પ્રયોજન જે જે કારણને લીધે થાય છે ત્યાં ત્યાં તે તે રીતે તે તે પ્રયોજન મુજબ તે તે કારણે તે તે વિષયને શુભ કે અશુભ જીવ માની લે છે—કલ્પી લે છે. ૫૦

अन्येषां यो विषयः स्वाभिप्रायेण भवति तुष्टिकरः ।
स्वमतिविकल्पाभिरतास्तमेव भूयो द्विषन्त्यन्ये ॥५१॥

જે એક વિષય બીજાઓને માટે પોતાની માન્યતા પ્રમાણે આનંદ આપનારો મનાય છે. ત્યારે તે જ વિષયને પોતાની માન્યતા પ્રમાણે બીજા લોકો વારંવાર ધિક્કારતા હોય છે. ૫૧

तानेवार्थान्द्विषतस्तानेवार्थान्प्रलीयमानस्य ।
निश्चयतोऽस्यानिष्टं न विद्यते किञ्चदिष्टं वा ॥५२॥

તે જ વિષયોનો એક વાર જે માણસ દ્વેષ કરે છે. તે જ માણસ તે જ વિષયોને બીજી વાર સુંદર માને છે તેથી આ માણસને અમુક ઇષ્ટ છે અથવા અમુક અનિષ્ટ છે, એમ ખરેખરી રીતે કોઇ કહી શકતુ જ નથી. ૫૨

रागद्वेषोपहतस्य केवलं कर्मबन्ध एवास्य ।
नान्यः स्वल्पोऽपि गुणोऽस्ति यः परत्रेह च श्रयान् ॥५३॥

છતાં રાગ અને દ્વેષને આધીન થવાથી તે જીવને ફક્ત કર્મોનો બંધ તો કરવો જ પડે છે. તે સિવાય આ ભવમાં કે કે પરભવમાં બીજા કોઇ પણ પ્રકારના જરાએ ફાયદાકારક લાભ મળી શકતો જ નથી. ૫૩

यस्मिन्निन्द्रियविषये शुभमशुभं वा निवेशयति भावम् ।
रक्तो वा द्विष्टो वा स बन्धहेतुर्भवति तस्य ॥५४॥

એટલે કે તે તે ઇન્દ્રિયોના જે જે વિષયોમાં જીવ પોતાનું શુભ કે અશુભ માનવાનું મન પરોવે છે તેથી તે વિષય તે જીવને પ્રિય કે અપ્રિય લાગીને કર્મો બાંધવામાં કારણભૂત બની જાય છે. ૫૪

स्नेहाभ्यक्तशरीरस्य रेणुना श्लिष्यते यथा गात्रम् ।
रागद्वेषाक्लन्नस्य कर्मबन्धो भवत्येवम् ॥५५॥

જેમ તેલ વગેરે ચીકાશવાળા પદાર્થોથી ચોપડાયેલા

શરીરના અવયવોને ધૂળ ચોંટે છે તેમ રાગદ્વેષથી ખરડાયેલા જીવને કર્મો અવશ્ય ચોટે છે-કર્મોનો બંધ થાય છે. ૫૫

**एवं रागद्वेषौ मोहो मिथ्यात्वमविरतिश्चैव ।**
**एभिः प्रमादयोगानुगैः समादीयते कर्म ॥५६॥**

એ પ્રમાણે રાગદ્વેષ મોહ મિથ્યાત્વ અને અવિરતિ જે, સંસારનાં મૂળ કારણો છે અને જ્યારે તે સઘળાં કારણોનો પ્રમાદયુક્ત મન વચન અને કાયાના યોગનો પ્રવૃત્તિના સહયોગ મળે છે ત્યારે કર્મો આવ્યા વિના રહેતા જ નથી. ૫૬

**कर्ममयः संसारः संसारनिमित्तकं पुनर्दुःखम् ।**
**तस्माद्रागद्वेषादयस्तु भवसन्ततेर्मूलम् ॥५७॥**

આ રીતે કર્મમય સંસાર છે, સંસારને આધારે દુઃખો આવે છે, માટે સંસારમાં ભવોની પરંપરા વધવાનાં મૂળ કારણો રાગદ્વેષ વગેરે નક્કી થાય છે. ૫૭

**एतद्दोषमहासञ्चयजालं शक्यमप्रमत्तेन ।**
**प्रशमस्थितेन घनमप्युद्वेष्टयितुं निरवशेषम् ॥५८॥**

અનાદિકાળથી દોષોની પથરાઈ ગયેલી ગાઢ અને ભયંકર એ મહાજાળના પૂરેપૂરો નાશ કરવાને અપ્રમાદી અને વૈરાગ્ય-વાસિત જીવ પૂરેપૂરો સમર્થ થાય છે. ૫૮

**अस्य तु मूलनिबन्धं ज्ञात्वा तच्छेदनोद्यमपरस्य ।**
**दर्शनचारित्रतपः स्वाध्यायध्यानयुक्तस्य ॥५९॥**

એ જાળનાં પ્રથમ તો મૂળ કારણો જાણી લેવાં જોઈએ અને પછી તેને કાપવાનો જ ધંધો લઈ બેઠો હોય તે દર્શન જ્ઞાન ચારિત્ર તપ સ્વાધ્યાય ધ્યાનથી યુક્ત હોય ૫૯

प्राणवधानृतभाषणपरधनमैथुनममत्वविरतस्य ।
नवकोट्युद्रमशुद्धोञ्छमात्रयात्राधिकारस्य ॥६०॥

પ્રાણ વધ, જૂઠાણું, પરધન હરણ, અબ્રહ્મચર્ય, મમતા ભાવથી અળગો રહેલો હોય, નવ કોટીએ કરીને ઉદ્દગમાદિ દોષરહિત થોડાં થોડી કરી તે મેળવેલી ભિક્ષાથી જ આજીવિકા ચલાવતો હોય. ૬૦

जिनभाषितार्थसद्भाभाविनो विदितलोकतत्त्वस्यं ।
अष्टादशशीलाङ्गसहस्रधारणकृतप्रतिज्ञस्य ॥६१॥

જિનેશ્વર ભગવંતોએ ઉપદેશેલા પદાર્થોને જ સાચા માનીને અંતઃકરણથી તેના પર શ્રદ્ધા રાખતો હોય, વિશ્વના તત્ત્વોનો સુંદર બોધ ધરાવતો હોય, શીલના ચારિત્રના અઢાર હજાર અંગોને ધારણ કરવાની પ્રતિજ્ઞા કરી ચૂકેલો હોય, અને પછી. ૬૧

परिणाममपूर्वमुपागतस्य शुभभावनाध्यवसितस्य ।
अन्योऽन्यमुत्तरोत्तरविशेषमभिपश्यतः समये ॥६२॥

અપૂર્વકરણ નામના પરિણામ વિશેષને પ્રાપ્ત કરી ચૂક્યો હોય, વિચારણામાં હરહંમેશાં શુભ ભાવનાઓ જ ભાવતો હોય જિનાગમોની બાબતમાં પરસ્પર અને એક પછી એક વિશેષતાઓને બરાબર પિછાણતો હોય. ૬૨

वैराग्यमार्गसम्प्रस्थितस्य संसारवासचकितस्य ।
स्वाहृतार्थाभिरतमतेः शुभेयमुत्पद्यते चिन्ता ॥६३॥

રત્નત્રયીમય વૈરાગ્યધારી માર્ગના આરાધનામાં ખડેપગે સાવધાન હોય, સંસારમાં રહેવાથી ગભરાઈને તેનાથી દૂર ભાગતા રહેવાની તત્પરતા સદા રાખતો હોય, પોતાના આત્માના હિત ખાતર જ હંમેશાં જેની વિચારણા ચાલુ હોય

તેને નીચે જણાવ્યા પ્રમાણેની સુંદરમાં સુંદર ભાવના જાગે છે. ૬૩

भवकोटीभिरसुलभं मानुष्यं प्राप्य कः प्रमादो मे ।
न च गतमायुर्भूयः प्रत्येत्यपि देवराजस्य ॥६४॥

કરોડા ભવોએ પણ દુર્લભ તેવું મનુષ્યપણું પ્રાપ્ત થયા છતાં મારો આ કેવો પ્રમાદ છે કેમ કે ગયેલું આયુ ફરીથી ઇન્દ્રમહારાજાને પણ મળી શકતું નથી તો મારી વાત જ શી ? ૬૪

आरोग्यायुर्बलसमुदयाश्चला वीर्यमनियतं धर्मे ।
तल्लब्ध्वा हितकार्ये मयोद्यमः सर्वथा कार्यः ॥६५॥

આરોગ્ય, આયુષ્ય, બળ અને પુણ્યોદયથી મળેલ રિદ્ધિ સિદ્ધિ, વૈભવો વિગેરે નાશવત છે અને ક્ષમાદિક ધર્મની સાધનામાં ઉત્સાહ કાયમ ટકતો નથી. તે મરે તે સર્વ મળ્યા પછી આત્માના હિતકારી કામોમાં જ દરેક રીતે રોજ ઉત્સાહપૂર્વક ઉદ્યમ રહેતો હોવો જ જોઇએ એ જ કર્તવ્ય કરવું જોઇએ. ૬૫

शास्त्रागमादृते न हितमस्ति न च शास्त्रमस्ति विनयमृते ।
तस्माच्छास्त्रागमलिप्सुना विनीतेन भवितव्यम् ॥६६॥

આગમશાસ્ત્રો વિના બીજી કોઈ હિતકારક વસ્તુ નથી. વિનય વિના આગમશાસ્ત્રોનું જ્ઞાન મળતું નથી. માટે આગમ-શાસ્ત્રોના જ્ઞાનના પિપાસુએ વિનયશીલ બનવું જ જોઇએ. ૬૬

कुलरूपवचनयौवनधनमित्रैश्वर्यसम्पदपि पुंसाम् ।
विनयप्रशमविहीना न शोभते निर्जलेव नदी ॥६७॥

જેમ પાણી વગરની નદી શોભતી નથી તેમ પુરુષને કુળ, રૂપ, વચન ચાતુરી, યૌવન, ધન, મિત્રો, વૈભવ વિગેરે ગમે તેટલી સંપત્તિઓ હોય છતાં પણ વિનય અને વૈરાગ્ય વિનાની તે લેશમાત્ર પણ શોભતી નથી ૬૭

न तथा सुमहार्घ्यैरपि वस्त्राभरणैरलङ्कृतो भाति ।
श्रुतशीलमूलनिकषो विनीतविनयो यथा भाति ॥६८॥

વળી શાસ્ત્રજ્ઞાન અને સદાચારની ખાસ કસોટી રૂપ મેળવેલ વિનયથી જેટલો પુરુષ શોભે છે તેટલો કીમતીમાં કીમતી કપડા અને દાગીનાથી ગમે તેટલો પુરુષને શણગાર્યો હોય તોપણ શોભતો નથી જ. ૬૮

गुर्वायत्ता यस्माच्छास्त्रारम्भा भवन्ति सर्वेऽपि ।
तस्माद्गुर्वाराधनपरेण हितकाङ्क्षिणा भाव्यम् ॥६९॥

જ્યારે શાસ્ત્રો ભણવા-ગણવાની દરેક પ્રકારની શરૂઆત જ ગુરુને આધારે જ થઈ શકે તેમ હોય છે માટે સ્વાત્માના હિતની ઇચ્છાવાળાએ ગુરુમહારાજની આરાધનામાં સદા જાગૃત રહેવું જોઈએ. ૬૯

धन्यस्योपरि निपतत्यहितसमाचरणधर्मनिर्वापी ।
गुरुवदनमलयनिसृतो वचनसरसचन्दनस्पर्शः ॥७०॥

હાનિકારક આચરણરૂપી ઘામ ગરમી દૂર કરનારો અને ગુરુમહારાજના મુખરૂપી મલય પર્વતમાંથી નીકળતો વચનરૂપી સરસ ચંદનનો સ્પર્શ કોઈ ભાગ્યશાળી પુરુષને જ સ્પર્શે છે. ૭૦

दुष्प्रतिकारौ मातापितरौ स्वामी गुरुश्च लोकेऽस्मिन् ।
तत्र गुरुरिहामुत्र च सुदुष्करतरप्रतीकारः ॥७१॥

આ દુનિયાના લોકવ્યવહારમાં માતા અને પિતાના ઉપકારનો બદલો વાળી શકવો બહુ જ અશક્ય છે. એ જ પ્રમાણે પાલક, માલિક, શેઠ અને ગુરુમહારાજ વિષે પણ સમજવું. તેમાં પણ આ ભવ અને પરભવમાંયે ગુરુમહારાજના ઉપકારનો બદલો વાળવાનું વિશેષમાં વિશેષ અશક્ય છે. ૭૧

विनयफलं शुश्रूषा गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम् ।
ज्ञानस्य फलं विरतिर्विरतिफलं चाश्रवनिरोधः ॥७२॥

વિનયના ફળરૂપે શાસ્ત્રો શીખવા માટે ગુરુમહારાજની સેવા મળે છે. સેવાના ફળરૂપે શાસ્ત્રોનું સુંદર જ્ઞાન મળે છે, જ્ઞાનના ફળરૂપે વ્રતો અને ત્યાગ મળે છે. તેના ફળરૂપે કર્મો બંધાતાં રોકાઈ જાય છે. ૭૨

संवरफलं तपोबलमथ तपसो निर्जराफलं दृष्टम् ।
तस्मात्क्रियानिवृत्तिः क्रियानिवृत्तेरयोगित्वम् ॥७३॥

રોકવાના સંવરના ફળરૂપે તપ કરવામાં બળ વધે છે તેના ફળરૂપે કર્મોના નાશરૂપ નિર્જરા થય છે કર્મોની નિર્જરા થવાથી આત્મામાં સ્થિર થવાના ફળરૂપે મન-વચન-કાયરૂપ યોગોની પ્રવૃત્તિ બંધ પડે છે અને બંધ પડવાના ફળ રૂપે અયોગીપણું પ્રાપ્ત થાય છે. ૭૩

योगनिरोधाद्भवसन्ततिक्षयः सन्ततिक्षयान्मोक्षः ।
तस्मात्कल्याणानां सर्वेषां भाजनं विनयः ॥७४॥

અયોગી પણાથી-યોગના નિરોધથી, ભવોની પરંપરા નાશ પામે છે. ભવોની પરંપરાના નાશથી મોક્ષ પ્રાપ્ત થાય છે. માટે દરેકે દરેક કલ્યાણકારી ફળોનું મુખ્યમાં મુખ્ય મૂળ વિનય છે. ૭૪

विनयव्यपेतमनसो गुरुविद्वत्साधुपरिभवनशीलाः ।
त्रुटिमात्रविषयसङ्गादजरामरवन्निरुद्विग्नाः ॥७५॥

કેટલાક મનથી પણ લેશમાત્ર વિનયી નમ્ર સંસ્કારી હોતા નથી. ગુરુ વિદ્વાન સાધુપુરુષો વિગેરેનું અપમાન કરવાને ટેવાયેલા હોય છે. વધારામાં એક રજકણ જેટલા પણ વિષયોનાં સુખો મળી જાય તેને તેટલાથી તો પોતાને દેવ સમાન માનીને કશીએ શંકા વગરના નિર્ભય થઈને ફરે છે. ૭૫

केचित्सातर्द्धिरसातिगौरवात्साम्प्रतेक्षिणः पुरुषाः ।
मोहात्समुद्रवायसवदामिषपरा विनश्यन्ति ॥७६॥

કેટલાક તો વળી એવા હોય છે કે વર્તમાન સંજોગોના આનંદ તરફ જે દષ્ટિ રાખીને સુખસગવડના આનંદમાં, વૈભવની વૃદ્ધિના આનંદમાં અને ખાનપાનના સ્વાદના આનંદમાં મોહને લીધે મશગુલ બનીને સંસારનાં સુખોની લાલચમાં આગળ ને આગળ વધતા જઈ, હાથીના કલેવરની મારફત દરિયામાં પહોંચેલા નિરાધાર કાગડાની પેઠે વિનાશ પામે છે ૭૬

ते जात्यहेतुदृष्टान्तसिद्धमविरुद्धमजरमभयकरम् ।
सर्वज्ञवाग्रसायनमुपनीतं नाभिनन्दन्ति ॥७७॥

પોતાના આત્માને દુર્ગતિમાં પાડે છે તેવા ઉદ્ધત લોકો રોકડા નગદ જેવા હેતુઓ અને દષ્ટાંતે પૂર્વકની સાબિતીથી ભરપૂર વિરોધ વગરનું વૃદ્ધાવસ્થાનું નાશક અભયદાન આપનારું સર્વજ્ઞ પ્રભુની વાણી રૂપી રસાયણ સામેથી આવીને પોતાની સામે હાજર થયું હોય તોપણ તેને ન આવકારનારાઓ તેને દૂર હડસેલનારાઓ આ જગતમાં પડયા છે. ૭૭

यद्वत्कश्चित् क्षीरं मधुशर्करया सुसंस्कृतं हृद्यम् ।
पित्तार्दितेन्द्रियत्वाद्वितथमतिर्मन्यते कटुकम् ॥७८॥
तद्वन्निश्चयमधुरमनुकम्पया सद्भिरभिहितं पथ्यम् ।
तथ्यमवमन्यमाना रागद्वेषोदयोद्वृत्ताः ॥७९॥

જેમ મીઠી અને ખડી સાકર મેળવેલા અને મનને શાન્તિ આપે તેવા દૂધને કોઈક પિત્તના રોગથી બગડી ગયેલી જીભવાળો માણસ મૂર્ખાઈને લીધે કડવું માને છે. તેમ પરિણામે મીઠું હિતકારક અને ભાવદયાથી પ્રેરાઈને પૂજ્ય સંતપુરુષોએ કહેલું વચન હિતકારક તથા સાચું હોવા છતા રાગ અને દ્વેષના ઉદયને

લીધે ઉદ્ધત બનેલા જ માણસો અહિતકારક માનીને તેની અવગણના કરે છે, એટલું જ નહિ પરંતુ ૭૮-૭૯

जातिकुलरूपबललाभबुद्धिवाल्लभ्यकश्रुतमदान्धाः ।
क्लीबाः परत्र चेह च हितमप्यर्थं न पश्यन्ति ॥८०॥

જાતિકુળરૂપ બળલાભ, બુદ્ધિ, લોકપ્રિયતા અને શાસ્ત્રજ્ઞતા એ આઠ પ્રકારમાં મદોથી આંધળા બનેલાએ અલ્પસાત્ત્વિક નપુંસક જેવા નિર્બળ માનવો આ લોક માટેના અને પરલોક માટેના પોતાને હિતકારક સ્વાર્થો જોઈ શકતા જ નથી. ૮૦

ज्ञात्वा भवपरिवर्ते जातीनां कोटिशतसहस्रेषु ।
हीनोत्तममध्यत्वं को जातिमदं बुधः कुर्यात् ॥८१॥

સંસારમાં ભમતાં ભમતાં કરોડો લાખ જાતિઓમાં હીનપણું, મધ્યમપણું અને ઉત્તમપણું પામ્યો છું એમ જાણ્યા પછી કયો ડાહ્યો માણસ જાતિનો અહંકાર ધારણ કરી શકે. ૮૧

नैकाञ्जातिविशेषानिन्द्रियनिर्वृत्तिपूर्वकान्सत्त्वाः ।
कर्मवशाद्गच्छन्त्यत्र कस्य का शाश्वती जातिः ॥८२॥

કર્મોના ઉદયને લીધે એક-બે-ત્રણ-ચાર અને પાંચ એમ ઇન્દ્રિયો પામીને જીવને અનેક જાતિઓમાં જઈને આ સંસારમાં રખડવું પડે છે. તો બોલો-કયા જીવની કયી જાતિ સદા શાશ્વત છે? ૮૨

रूपबलश्रुतमतिशीलविभवपरिवर्जितांस्तथा दृष्ट्वा ।
विपुलकुलोत्पन्नानपि ननु कुलमानः परित्याज्यः ॥८३॥

મોટા ઊંચા કુળમાં જન્મવા છતાં એ રૂપ-બળ-શાસ્ત્રજ્ઞાન-સદાચાર વૈભવ વિનાના જોઈને કુલનું અભિમાન રાખવું જોઈએ નહિ જ. જે સદાચારી નથી તે કુળનું અભિમાન રાખે તેવી શું? ૮૩

यस्याशुद्धं शीलं प्रयोजनं तस्य किं कुलमदेन ।
स्वगुणाभ्यलङ्कृतस्य हि किं शीलवतः कुलमदेन ॥८४॥

અને જે પોતાના ગુણોથી જ શણગારાયેલો છે તેવો સદાચારી પણ કુલનું અભિમાન રાખે તેથી એ શું? ૮૪

कः शुक्रशोणितसमुद्भवस्य सततं चयापचयिकस्य ।
रोगजरापाश्रयिणो मदावकाशोऽस्ति रूपस्य ॥८५॥

વીર્ય અને રજસથી ઉત્પન્ન થયેલ નિરંતર ઘટ-વધ પામનાર રોગ અને વૃદ્ધાવસ્થા પામનાર એવા રૂપનો અહંકાર શી રીતે કરી શકાય? ૮૫

नित्यं परिशीलनीये त्वङ्मांसाच्छादिते कलुषपूर्णे ।
निश्चयविनाशधर्मिणि रूपे मदकारणं किं स्यात् ॥८६॥

હમેશાં પંપાળવું પડે તેવા ચામડી અને માંસથી મઢાયેલા કચરાથી ભરપૂર અને અવશ્ય નાશવંત એવા રૂપમાં મદ કરવા જેવું છે શું? ૮૬

बलसमुदितोऽपि यस्मान्नरः क्षणेन विबलत्वमुपयाति ।
बलहीनोऽपि च बलवान् संस्कारवशात्पुनर्भवति ॥८७॥

બળથી છકેલો માણસ પણ ક્ષણવારમાંજ નિર્બળ રાંકડો બની જાય છે અને નિર્બળ માણસ પણ પ્રયાસથી અથવા પૂર્વભવનાં કર્મોના ઉદયથી બળવાન બની જાય છે. ૮૭

तस्मादनियतभावं बलस्य सम्यग्विभाव्य बुद्धिबलात् ।
मृत्युबले चाबलतां मदं न कुर्याद्बलेनापि ॥८८॥

માટે બળ સ્થાયી ટકતું નથી એમ બુદ્ધિના બળથી સારી રીતે વિચાર્યા પછી તથા મરણના બળ આગળ પોતાની નિર્બળતા સમજાયા પછી ગમે તેટલું પોતાનું બળ હોય તોપણ તેનો ગર્વ ન કરવો જોઈએ. ૮૮

उदयोपशमनिमित्तौ लाभालाभावनित्यको मत्वा ।
नालाभे वैक्लव्यं न च लाभे विस्मयः कार्यः ॥८९॥

લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી લાભ મળે છે અને એ કર્મોના ઉદયથી અલાભ થાય છે એમ જાણ્યા પછી લાભ ન મળે તો ગભરાટમાં ન પડવું જોઈએ અને લાભ મળી જાય તો ખુશખુશાલ ન થઈ જવું જોઈએ. ૮૯

परशक्त्यभिप्रसादात्मकेन किञ्चिदुपभोगयोग्येन ।
विपुलेनापि यतिवृषा लाभेन मदं न गच्छन्ति ॥९०॥

દાતાની દાનશક્તિ અને દાતાના મનની ઉદારતા એ બેને લીધે કદાચ કાંઈક સાધુજીવનને ઉપયોગી આહાર-વસ્ત્રાદિક ગમે તેટલું મળી જાય તોપણ મુનિઓમાં વૃષભ સમાન શ્રેષ્ઠ મુનિઓ લેશમાત્ર પણ અહંકાર કરતા નથી. ૯૦

ग्रहणोद्ग्राहणनवकृतिविचारणार्थावधारणाद्येषु ।
बुद्ध्यङ्गविधिविकल्पेष्वनन्तपर्यायवृद्धेषु ॥९१॥

શાસ્ત્રો શીખવા-શીખવવા-નવા રચવા તેની વિચારણા કરવી અને સૂક્ષ્મ ભાવાર્થો નક્કી કરવા વિગેરેમાં બુદ્ધિનાં આઠ અંગોનાં વિધાનો અને તેના ભેદો અનંત પર્યાયો સુધી વધી જતા હોવાથા-૯૧

पूर्वपुरुषसिंहानां विज्ञानातिशयसागरानन्त्यम् ।
श्रुत्वा साम्प्रतपुरुषाः कथं स्वबुद्ध्या मदं यान्ति ॥९२॥

પૂર્વના મહાપુરુષોરૂપી સિંહોની અનંત સમુદ્ર જેવી બુદ્ધિ હોવાનું શાસ્ત્રોમાં સાંભળ્યા પછી આજકાલના માણસો પોતાની બુદ્ધિનો ગર્વ કરી જ શી રીતે શકે? ૯૨

द्रुमकैरिव चाटुकर्मकमुपकारत्निमित्तकं परजनस्य ।
कृत्वा यद्वाल्लभ्यकमवाप्यते को मदस्तेन ॥९३॥

પોતાને લોકો સારો માને તો ઠીક એવા વિચારથી પોતાના ઉપર ઉપકાર કરાવવા ભીખમ ગાની માફક બીજા લોકોની ખુશામત કરીને તો લોકપ્રયતા મેળવાય છે તો તેનાથી શી ખુમારી રાખવાની હોય? ૯૩

गर्वं परप्रसादात्मकेन वाल्लभ्यकेन यः कुर्यात् ।
तं वाल्लभ्यकविगमे शोकसमुदय परामृशति ॥९४॥

બીજાની મહેરબાનીઆના બળથી મળેલી લોકપ્રિયતાને લીધે જે કોઈ માણસ ખુમારી રાખે તો તે લોકપ્રિયતા જ્યારે ચાલી જાય ત્યારે તેના નશીબમાં નિસાસા નાખો શોક જ કરવાનો રહે છે. ૯૪

माषतुषोपाख्यानं श्रुतपर्यायप्ररूपणां चैव ।
श्रुत्वातिविस्मयकरं च विकरणं स्थूलभद्रमुनेः ॥९५॥

માશતુષ મુનિરાજની કથા શ્રુતજ્ઞાનના અનંત પર્યાયોની વાત અને સ્થૂલભદ્ર મુનિરાજની અત્યંત આશ્ચર્યકારક અને ગંભીર ભૂલ સાંભળ્યા પછી. ૯૫

सम्पर्कोद्यमसुलभं चरणकरणसाधकं श्रुतज्ञानम् ।
लब्ध्वा सर्वं मदहरं तेनैव मदः कथं कार्यः ॥९६॥

તથા ગુરુમહારાજના સંબંધથી અને ઉત્સાહપૂર્વક મહેનત કરવાથી સારી રીતે મળી શકે એવું ચરણ સિત્તરી અને કરણ સિત્તરીમાં પ્રેરણાદાયી અને બીજા પ્રકારના ગર્વોના નાશનો ઉપદેશ દેઈ સર્વ ગર્વોના નાશ કરનારું એવું શ્રુત-જ્ઞાન મેળવ્યા પછી તે શ્રુત-જ્ઞાનને લીધે જ કઈ રીતે ગર્વ કરી શકાય. ૯૬

एतेषु मदस्थानेषु निश्चये न च गुणोऽस्ति कश्चिदपि ।
केवलमुन्मादः स्वहृदयस्य संसारवृद्धिश्च ॥९७॥

ઉપર જણાવેલા આઠ મદોને લીધે પરિણામે ખાતરીપૂર્વક કહીએ છીએ કે કાંઈ પણ ફાયદો થતો જ નથી. કેવળ પોતાના મનમાં ગાંડપણ આવે છે અને સંસારચક્રમાં રખડવાનું વધે છે. ૯૭

जात्यादिमदोन्मत्तः पिशाचवद्भवति दुःखितश्चेह ।
जात्यादिहीनतां परभवे च निःसंशयं लभते ॥९८॥

જાતિમદ વગેરે મદોને લીધે પિશાચની માફક ગાંડો બનેલો માણુસ આ ભવમાં દુઃખી થાય છે અને પરભવમાં પણ હલકી જાતિપણું વિગેરે ખાતરીપૂર્વક પામે જ છે. ૯૮

सर्वमदस्थानानां मूलोद्घातार्थिना सदा यतिना ।
आत्मगुणैरुत्कर्षः परपरिवादश्च सन्त्याज्यः ॥९९॥

જે મુનિરાજની ઇચ્છા તમામેતમામ મદનાં કારણોનો નાશ કરવાની જ હોય તેમણે હંમેશાં પોતાના ગુણોના વખાણ કરવા અને પારકી નિંદા કરવાનો ત્યાગ જ કરવો જોઈએ. ૯૯

परपरिभवपरिवादादात्मोत्कर्षाच्च बध्यते कर्म ।
नीचैर्गोत्रं प्रतिभवमनेकभवकोटिदुर्मोचम् ॥१००॥

બીજાનો તિરસ્કાર અને નિંદા કરવાથી અને પોતાના ગુણોનાં વખાણ કરવાથી કરોડો ભવે પણ ન છૂટે એવું ભવોભવ નીચ ગોત્રકર્મ બંધાય છે. ૧૦૦

कर्मोदयनिर्वृत्तं हीनोत्तममध्यमं मनुष्याणाम् ।
तद्विधमेव तिरश्चां योनिविशेषान्तरविभक्तम् ॥१०१॥

જેમ ગોત્રકર્મને લીધે જ મનુષ્યોમાં હીનપણું, મધ્યમપણું

અને ઉચ્ચપણું પ્રાપ્ત થાય છે તે પ્રકારે જ તિર્યંચોમાં પણ એ કર્મ જુદી જુદી યોનિઓમાં લઈ જવા રૂપે વહેંચાઈ ગયું હોય છે ૧૦૧

देशकुलदेहविज्ञानायुर्बलभोगभूतिवैषम्यम् ।
दृष्ट्वा कथमिह विदुषां भवसंसारे रतिर्भवति ॥१०२॥

આ જગતમાં દેશ, કુળ, શરીરજ્ઞાન, આયુષબળ, ભોગો અને વૈભવ વિગેરેમાંની વિચિત્રતાઓ જાણી, પછી ભવોની પરંપરામય આ સંસારમાં જ્ઞાની પુરુષોને શી રીતે મજા આવી શકે? ૧૦૨

अपरिगणितगुणदोषः स्वपरोभयबाधको भवति यस्मात् ।
पञ्चेन्द्रियबलविबलो रागद्वेषोदयनिबद्धः ॥१०३॥

જે આત્મા ગુણ અને દોષોનો વિવેક કરી શકતો નથી, પાંચેય ઇન્દ્રિયોના બળ આગળ હતાશ બની ગયો હોય છે અને રાગદ્વેષના ઉદયમાં પરિણમે છે તે આત્મા પોતાને, બીજાને અને ઉભયને હરકત કરનારો થાય છે. ૧૦૩

तस्माद्रागद्वेषत्यागे पञ्चेन्द्रियप्रशमने च ।
शुभपरिणामावस्थितिहेतोर्यत्नेन घटितव्यम् ॥१०४॥

માટે શુભ પરિણામોમાં સ્થિત થવા સારુ રાગ અને દ્વેષનો ત્યાગ કરવાનો અને પાંચે ઈન્દ્રિયોને શાંત કરવાનો પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ. ૧૦૪

तत्कथमनिष्टविषयाभिकाङ्क्षिणा भोगिना वियोगो वै ।
सुव्याकुलहृदयेनापि निश्चयेनागमः कार्यः ॥१०५॥

સર્વ અનિષ્ટ નુકસાનકારક છતાં વિષયોમાં આસક્ત પોતાના ભોગી આત્માને વિષયોથી દૂર કેમ રાખવો?—એમ

વિષયોથી હૃદયમાં સારી રીતે ગભરાટ ધારણ કરીને નિશ્ચયપૂર્વક આગમશાસ્ત્રનો બોધ-ઉપદેશ પ્રાપ્ત કરવો જોઈએ. ૧૦૫

आदावत्यभ्युदया मध्ये शृङ्गारहास्यदीप्तरसाः ।
निकषे विषयां बीभत्सकरुणलज्जाभयप्रायाः ॥१०६॥

વિષયો શરૂઆતમાં ઘણા જ ગમે તેવા હોય છે અનેવચમાં શૃંગારરસ અને હાસ્યરસ તેનો સ્વાદ વધારી દે છે. છેવટે બીભત્સરસ કરુણારસ શરમ અને ભયાનક રસથી ઘેરાયેલા માલૂમ પડે છે. ૧૦૬

यद्यपि निषेव्यमाणा मनसः परितुष्टिकारका विषयाः ।
किंपाकफलादनवद् भवन्ति पश्चादतिदुरन्ताः ॥१०७॥

જોકે જ્યારે વિષયોનું સેવન કરવામાં આવતું હોય છે ત્યારે તે મનને આનંદમાં ગરકાવ કરી દે છે પરંતુ જ્યારે તેનાં કડવાં ફળો ભોગવવાનો વખત આવે છે ત્યારે કિંપાકવૃક્ષનાં ફળો ખાવાની માફક પાછળથી દુઃખદાયક અનુભવ કરાવે છે. ૧૦૭

यद्वच्छाकाष्टादशमन्नं बहुभक्ष्यपेयवत्स्वादु ।
विषसंयुक्तं भुक्तं विपाककाले विनाशयति ॥१०८॥

અઢાર પ્રકારના શાકોની સાથેના અનેક પ્રકારની બીજી વાનગીઓ અને અનેક પ્રકારના બીજાં પીણાં સાથેના મીઠા જમણમાં જો ઝેર ભેળવેલું હોય અને તે જમવામાં આવ્યું હોય તો પારણામે તે મરણ જ નિપજાવે છે. ૧૦૮

तद्वदुपचारसम्भृतरम्यकरागरससेविता विषयाः ।
भवशतपरम्परास्वपि दुःखविपाकानुबन्धकराः ॥१०९॥

તે પ્રમાણે મનામણાં અને મનવારોના સંભારથી સંભારો ના જેવા મીઠા લાગતા સજાવટથી શોભતાં પ્રેમપૂર્વક અપાતા

અને શોખથી ભોગવાતા વિષયો સેંકડો ભવો ઉપરભવો સુધીમાં દુઃખની પંરપરા ઉપર પંરપરાઓ નિપજાવ્યા વિના રહતા જ નથી. ૧૦૯

अपि पश्यतां समक्षं नियतमनियतं पदे पदे मरणम् ।
येषां विषयेषु रतिर्भवति न तान्मानुषान् गणयेत् ॥११०॥

અરે જોતજોતામાં મરણ અવશ્ય થાય જ છે અને પગલે ને પગલે મરણ અચાનક પણ થઈ જાય છે. તેમ છતાં જેઓની વિષયોમાં આસક્તિ હ્ય છે. તેઓને મનુષ્યો જ ગણવા ન જોઈએ. ૧૧૦

विषयपरिणामनियमो मनोऽनुकूलविषयेष्वनुप्रेक्ष्य ।
द्विगुणोऽपि च नित्यमनुग्रोऽनवद्यश्च सञ्चिन्त्यः ॥१११॥

જ્યારે જ્યારે જે જે વિષયો મનને ગમવા લાગે ત્યારે ત્યારે તે તે વિષયો માટે થતાં પરિણામો ઉપર નિયમન કરવાનું વિચારવું. તેથી કાયમ અનેક ગુણો લાભ જ થાય છે અન કાંઈ પણ નુકસાન થતુ જ નથી એમ વિચાર કરવો. ૧૧૧

इति गुणदोषविपर्यासदर्शनाद्विषयमूर्च्छितो ह्यात्मा ।
भवपरिवर्तनभिरुभराचारमवेक्ष्यः प ररक्ष्यः ॥११२॥

એ પ્રમાણે લાભ અને ગેરલાભ સમજવામાં ગૂંચવણ પડે ત્યારે સંસારમાં ભમવાથી ગભરાયેલા આત્માઓએ શ્રી આચારાંગસૂત્ર જોઈને વિષયોમાં મુઝાઈ મરેલા પોતાના આત્માનું રક્ષણ કરી લેવું જોઈએ. ૧૧૨

सम्यक्त्वज्ञानचारित्रतपोवीर्यात्मको जिनैः प्रोक्तः ।
पञ्चविधोऽयं विधिवत्साध्वाचारः समनुगम्यः ॥११३॥

પાંચ આચારો સમ્યક્ત્વ જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય એ પ્રકારનો સાધુનો આચાર શ્રીજિનેશ્વર દેવોએ કહ્યો છે. તે પ્રથમ તો સારી રીતે સમજી લેવો. નવ અધ્યયનોમાં નીચે મુજબ છે : ૧૧૩

षड्जीवकाययतना लौकिकसन्तानगौरवत्यागः ।
शीतोष्णादिपरीषहविजयः सम्यक्त्वमविकम्प्यम् ॥११४॥

છએ કાય જીવોની રક્ષા કરવી દુન્યવી સબંધીઓનો સ્નેહાદર ન કરવો. શીત અને ઉષ્ણ વગેરે પારષહો ઉપર વિજય મેળવવો. સમ્યકત્વ દૃઢ બનાવવું. ૧૧૪

संसारादुद्वेगः क्षपणोपायश्च कर्मणां निपुणः ।
वैयावृत्त्योद्योगः तपोविधिर्योषितां त्यागः ॥११५॥

સંસારથી વૈરાગી થવું, કર્મો ખપ વવાના નિર્જરા કરવાના પ્રબળ ઉપાય કરવા, વૈયાવચ્ચમાં રત્નત્રયીની આરાધનામાં સદા તત્પરતા રાખવી, વિધિપૂર્વક તપ કરવા સ્ત્રીઓથી દૂર રહેવું, બ્રહ્મચર્યનું પાલન કરવુ. ૧૧૫

विधिना भैक्ष्यग्रहणं स्त्रीपशुपण्डकविवर्जिता शय्या ।
ईर्याभाषाम्बरभाजनैषणावग्रहाः शुद्धाः ॥११६॥

ચૂલકાઓમાં પહેલીમાં ભિક્ષાગ્રહણવિધિ સ્ત્રીપશુ અને નપુંસક ન હોય તવા સ્થાનમાં સૂવા-બેસવાનો વિધિ શુદ્ધ ઇર્યાભાષાવ શૈષણા, પાત્ર પણ પાંચ પ્રકારના—૧૧૬

स्थाननिषद्याव्युत्सर्गशब्दरूपक्रियाः परान्योऽन्या ।
पञ्चमहाव्रतदार्ढ्यं विमुक्तता सर्वसङ्गेभ्यः ॥११७॥

અવગ્રહો બીજીમાં સ્થાનક્રિયા, આસનબેઠકક્રિયા, મળાદિ-ત્યાગક્રિયા, શબ્દો બોલવાની ક્રિયા, રૂપદર્શનક્રિયા, પરક્રિયા,

અન્યોન્યક્રિયા, ત્રીજીમાં પાંચ મહાવ્રતોમાં દઢતા ઉત્પન્ન કરવાની ભાવનાઓ. ચોથીમાં સર્વ પ્રકારની આસક્તિથી છુટી જવું. ૧૧૭

साध्वाचारः खल्वयमष्टादशसहस्रपरिपठितः ।
सम्यगनुपाल्यमानो रागादीन्मूलतो हन्ति ॥११८॥

પાંચમીમાં ઉપરનાં કર્તવ્યોના અતિચારોના પ્રાયશ્ચિતો કરવા; ખરેખર સાધુનો આ આચાર અઢારહજાર પદોએ વર્ણવાયેલો છે અને જો તેનું સારામાં સારી રીતે પાલન કરવામાં આવે તો તે રાગાદિ શત્રુઓના સમૂળગો નાશ કરી નાખે છે તેમાં શંકા નથી. ૧૧૮

आचाराध्ययनोक्तार्थभावनाचरणगुप्तहृदयस्य ।
न तदस्ति कालविवरं यत्र क्वचनाभिभवनं स्यात् ॥११९॥

શ્રી આચારાંગ સૂત્રના અધ્યયનોમાં કહેલા આચારો તરફ આદર જગાડવામાં અને તે પ્રમાણે આચરણ કરવામાં જેણે પોતાના મન, વચન અને કાયાને રોકી દીધાં છે તેને માટે એવુ કોઇ પણ જાતની કાળ છિદ્ર નથા કે જેમાં ક્યારે પણ તેને કોઇ પણ જાતની હરકત આવે, તે સદા વિજયી જ થાય છે. ૧૧૯

पैशाचिकमाख्यानं श्रुत्वा गोपायनं च कुलवध्वाः ।
संयमयोगैरात्मा निरन्तरं व्यापृतः कार्यः ॥१२०॥

પિશાચની વાતનો દાખલો અને કુલવધૂના રક્ષણની વાત સાંભળી સમજી લઇ પોતાના આત્માને હંમેશા સંયમના યોગોમાં જોડેલો ને જોડેલો જ રાખવો. ૧૨૦

क्षणविपरिणामधर्मा मर्त्यानामृद्धिसमुदयाः सर्वे ।
सर्वे च शोककजनकाः संयोगा विप्रयोगान्ताः ॥१२१॥

માનવોની સર્વ પ્રકારની ઋદ્ધિના વૈભવો ક્ષણવારમાં નષ્ટભ્રષ્ટ થઇ જાય છે અને સર્વ પ્રકારના સંબંધો છેવટે નાશવંત હોવાથી શોક નિપજાવનારા છે. ૧૨૧

भोगसुखैः किमनित्यैर्भयबहुलैः काङ्क्षितैः परायत्तैः ।
नित्यमभयमात्मस्थं प्रशमसुखं तत्र य ततव्यम् ॥१२२॥

નાશવંત વિઘ્નાથી ભરેલા આશાના તાંતણાથી બંધાયેલા અને પરસ્વાધીન એવા ભોગોના સુખોથી શો લાભ? પરંતુ ત્યાગ, શાન્તિ, વૈરાગ્યનું સુખ કાયમી, નિર્ભય અને આત્માને સ્વાધીન છે. માટે તેમાં જ સદા પ્રયત્નશીલ રહેવું જોઇએ. ૧૨૨

यावत्स्वविषयलिप्सोरऽक्षसमूहस्य चेष्टयते तुष्टौ ।
तावत्तस्यैव जये वरतरमशठं कृतो यत्नः ॥१२३॥

વિષયોની લાલસામાં ફસાયેલી ઇન્દ્રિયોને સંતોષવાના જેટલા પ્રયત્નો કરવામાં આવે છે, તેટલા જ પ્રયત્નો જો તેને જીતવા માટે નિર્દંભપણે કરવામાં આવે તો તે સારામાં સારું ફાયદાકારક ગણાય. ૧૨૩

यत्सर्वविषयकाङ्क्षोद्भवं दुखं प्राप्यते सरागेण ।
तदनन्तकोटिगुणतं मुधैव लभते विगतरागः ॥१२४॥

સરાગી જીવ સર્વ પ્રકારના વિષયો ભોગવવાની અભળખા પૂરી કરી લ્યે છતાં તને જે સુખ મળે છે તને અનંત કરોડોએ ગુણી કાઢી તેટલું સુખ રાગદ્વેષ વગરના આત્માને મફત પાઈ પણ ખર્ચ્યા વિના મળી જાય છે. ૧૨૪

इष्टवियोगाप्रियसम्प्रयोगकाङ्क्षासमुद्भवं दुःखम् ।
प्राप्नोति यत्सरागो न संस्पृशति तद्विगतरागः ॥१२५॥

વહાલાના વિયોગથી, અદીઠને દેખવાથી અને આશાના તાંતણે લટકી રહેવાથી જે દુઃખ સરણી જીવ પામે છે તેને વીતરાગી જીવને સ્પર્શ સરીખો પણ થતો નથી. ૧૨૫

प्रशमितवेदकषायस्य हास्यरत्यरतिशोकनिभृतस्य ।
भयकुत्सानिरभिभवस्य यत्सुखं तत्कुतोऽन्येषाम् ॥१२६॥

પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદના ઉદય જેના શાંત થયા છે, ભય અને કંટાળો દુગંછા જેને હરાવી શકતા નથી તેને જે સુખ મળે છે તે બીજાને ક્યાંથી મળી જ શકે? તે હાસ્ય-રતિ–અરતિ–શોકથા રહિત છે. ૧૨૬

सम्यग्दृष्टिर्ज्ञानी ध्यानतपोबलयुतोऽप्यनुपशान्तः ।
तं लभते न गुणं यं प्रशमगुणमुपाश्रितो लभते ॥१२७॥

સમ્યગ્દષ્ટિ જ્ઞાની અને ધ્યાની તપસ્વી હોવા છતાં જો વૈરાગ્યશીલ ન હોય તો તેને એ લાભ થતો નથી કે જે લાભ પ્રશાંત વૈરાગ્યવાળા પુરુષને મળે છે. ૧૨૭

नैवास्ति राजराजस्य तत्सुखं नैव देवराजस्य ।
यत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य ॥१२८॥

ચક્રવર્તી અને ઇન્દ્ર મહારાજને પણ તે સુખ નથી જ કે જે સુખ દુનિયાદારીથી પર થયેલા સાધુપુરુષને આ ભવમાં પણ હોય છે. ૧૨૮

सन्त्यज्य लोकचिन्तामात्मपरिज्ञानचिन्तनेऽभिरतः ।
जितलोभरोषमदनः सुखमास्ते निर्जरः साधुः ॥१२९॥

દુન્યવી ચિંતાનો ત્યાગ કરીને આત્માની ચિંતવનામાં મસ્ત બની બેઠેલા ક્રોધ, લોભ અને કામદેવ ઉપર વિજય મેળવી ચૂકેલા અને સંતાપ વગરના સાધુપુરુષ જ સુખપૂર્વક રહી શકે છે. ૧૨૯

या चेह लोकवार्ता शरीरवार्त्ता तपस्विनां या च ।
सद्धर्मचरणवार्तानिमित्तकं तद्द्वयमपीष्टम् ॥१३०॥

આ જગતમાં ઉત્તમ પ્રકારના ધર્મના અને આચારોના નિર્વાહ માટે તપસ્વીઆના શરીરનો નિર્વાહ અને તેના નિર્વાહ માટે લોકોની આજીવિકાનો નિર્વાહ એ બન્નેય બાબતો પણ જરૂરી માનવાની છે ૧૩૦

लोकः खल्वाधारः सर्वेषां ब्रह्मचारिणां यस्मात् ।
तस्माल्लोकविरुद्धं धमविरुद्धं च सन्त्याज्यम् ॥१३१॥

કેમકે લોક દુનિયાદારી પણ સર્વ બ્રહ્મચારી પુરૂષોને માટે ખરેખર આધારરૂપ છે. માટે લોકમાં જે વિરુદ્ધ ગણાતું હોય અને જે ધર્મથી વિરુદ્ધ હોય તેનો ત્યાગ કરવો જોઇએ ૧૩૧

देहो नासाधनको लोकाधिनानि साधनान्यस्य ।
सद्धर्मानुपरोधात्तस्माल्लोकोऽभिगमनीयः ॥१३२॥

સાધનો વિના શરીર ટકે નહિ અને એ સાધનોની પ્રાપ્તિ લોકમાંથી થઇ શકે છે. માટે ઉત્તમ ધર્મને બાધ ન આવે તેવી રીતે દુનિયાદારીના વ્યવહારોને ઘટતું સ્થાન આપવું પડે. ૧૩૨

दोषेणानुपकारी भवति परो येन येन विद्विष्टः ।
स्वयमपि तद्दोषपदं सदा प्रयत्नेन परिहार्यम् ॥१३३॥

તથી જે જે દોષોને લીધે બીજા લોકો હરકત કરનારા થઇ પડે અને દ્વેષ કરવા લાગી જાય તે તે દોષો સાધુપુરુષોએ જાત પણ હંમેશાં કાળજી રાખીને છોડી દેવા જોઇએ ૧૩૩

पिण्डैषणानिरुक्तः कल्प्याकल्प्यस्य यो विधिः सूत्रे ।
ग्रहणोपभोगनियतस्य तेन नैवाऽऽमयभयं स्यात् ॥१३४॥

આગમ સૂત્રોમાં મુનિઓને માટે કલ્પ્ય અને અકલ્પ્યને લેવાના નિયમોનો અને વાપરવાના નિયમોનો જે જે વિધિ પિંડેષણાનિર્યુક્તિમાં કહ્યો છે તે પ્રમાણે વર્તવાથી કોઈપણ વખત રોગનો ભોગ બનવાની ચિંતા જ રહેતી નથી. ૧૩૪

व्रणलेपाक्षोपाङ्गवदसङ्गयोगभरमात्रयात्रर्थम् ।
पन्नग इवाभ्यवहरेदाहारं पुत्रपलवच्च ॥१३५॥

ગૂમડાંને લોપડી લગાડવાની જેમ અને ગાડાના પૈડામાં તેલનું ઉંઘણ પૂરવાની જેમ આસક્તિ વિના વચન-કાયાની પ્રવૃત્તિનો ઘસારો પૂરો કરવા પૂરતો જ અને ચારિત્ર ધર્મના બરાબર પાલન માટે જ સાપ સીધો દરમાં પેસી જાય તેમ અથવા સાપ ગળી જાય તેમ આહાર સીધો પેટમાં ઉતારી દેવો. પોતાના જ પુત્રનું માંસ ખાવાનો પ્રસંગ આવે અને જેમને ન છૂટકે ખાવું પડતું હોય તેમ સ્વાદ લીધા વિના આહાર વાપરવો જોઈએ. ૧૩૫

गुणवदमूर्छितमनसा तद्विपरीतमपि चाप्रदुष्टेन ।
दारुपमधृतिर्भवात कल्प्यमास्वाद्यमास्वाद्यम् ॥१३६॥

સુંદર આહાર મળ્યો હોય છતાં તેમાં જરાયે મન લલચાવ્યા વિના અને ન ગમે તેવો આહાર મળ્યો હોય છતાં તેના વિષે લગારેય પણ મનમાં દુ:ખ ધારણ કર્યા વિના લાકડાની માફક ધીરજ ધારણ કરીને કલ્પી શકતો હોય તેવો આહાર વાપરી જવો. ૧૩૬

कालं क्षेत्रं मात्रां सात्म्यं द्रव्यगुरुलाघवं स्वबलम् ।
ज्ञात्वा योऽभ्यवहार्यं भुङ्क्ते किं भेषजैस्तस्य ॥१३७॥

જે સાધુપુરુષ યોગ્ય કાળક્ષેત્ર સ્વપ્રકૃતિની અનુકૂળતારૂપ સ્વાત્મ્ય, દ્રવ્યનું પચવામાં ભારેપણું અને હલકાપણું અને

પોતાની જઠરાગ્નિનું બળ સમજીને આહાર વાપરે છે તેને ઓષધીની જરૂર જ શી રીતે પડી શકે? ૧૩૭

पिण्डः शय्या वस्त्रैषणादि पात्रैषणादि यच्चान्यत् ।
कल्प्याकल्प्यं सद्धर्मदेहरक्षानिमित्तोक्तम् ॥१३८॥

પિંડની, શય્યાની, વસ્ત્રની એષણા વગેરે તથા બીજું પણ જે જે પાત્રની એષણા વગેરે કલ્પ્ય અને અકલ્પ્યનો વિધિ કહ્યો છે તે સર્વ ઉત્તમ ધર્મ અને શરીરની રક્ષા માટે જ કહ્યા છે. ૧૩૮

कल्प्याकल्प्यविधिज्ञः संविग्नसहायको विनीतात्मा ।
दोषमलिनेऽपि लोके प्रविहरति मुनिर्निरुपलेपः ॥१३९॥

સૂઝતું શુદ્ધ અને અસૂઝતું અશુદ્ધ તેના વિધિના જ્ઞાતા જેની સહાયમાં સુવિહિત પુરુષો હોય અને જેનો આત્મા વિનયશીલ હોય તે મુનિરાજ દોષોથી ભરપૂર છતાં આ જગતમાં તદ્દન નિર્લેપભાવે વિચરી શકે છે, જીવન ચલાવી શકે છે. ૧૩૯

यद्वत्पङ्काधारमपि पङ्कजं नोपलिप्यते तेन ।
धर्मोपकरणधृतवपुरपि साधुरलेपकस्तद्वत् ॥१४०॥

કમળ જેમ કાદવમાં ઉત્પન્ન થવા છતાં તેનાથી બિલકુલ તે ખરડાતું નથી તેમ શરીર ઉપર ઉપકરણો માત્ર ધર્મની ખાતર જ ધારણ કરાતા હોવાથી સાધુ પણ નિર્લેપ જ હોય છે. ૧૪૦

यद्वत्तुरगः सत्स्वप्याभरणविभूषणेष्वनभिषक्तः ।
तद्वदुपग्रहवानपि न सङ्गमुपयाति निर्ग्रन्थः ॥१४१॥

જેમ આભૂષણો અને શણગારોથી ઘોડાને સજ્યો હોય છતાં તે તેમાં લલચાતો નથી તેમ ધર્મની ખાતર જ ધર્મનાં

ઉપકરણો ધારણ કરવા માત્રથી તે નિગ્રન્થ સાધુપુરુષ જરા પણ તેમાં આસક્તિ ધારણ કરતા નથી. ૧૪૧

ग्रन्थः कर्माष्टविधं मिथ्यात्वाविरतिदुष्टयोगाश्च ।
तज्जयहेतोरशठं संयतते यः स निर्ग्रन्थः ॥१४२॥

આઠ પ્રકારનાં કર્મો મિથ્યાત્વ અવિરતિ અને દુષ્ટ યોગો મન વચન કાયાની સાવદ્ય પ્રવૃત્તિ એ સર્વ ગાંઠ કહેવાય છે. તે સર્વેને જીતવા માટે નિષ્કપટભાવે સંયમપૂર્વક પ્રયત્ન કરે તે નિર્ગ્રંથ છે. ૧૪૨

यज्ज्ञानशीलतपसामुपग्रह निग्रहं च दोषाणाम ।
कल्पयति निश्चये यत्तकल्प्यमकल्प्यमवशेषम (-शिष्टम ?) ॥१४३॥

જેથી જ્ઞાન, ચારિત્ર અને તપને મદદ મળે અને દોષો નાશ પામે તે નિશ્ચયથી ઉત્સર્ગથી કલ્પ છે માટે તે કલ્પ્ય છે, બાકીનું બધું અકલ્પ્ય છે. ૧૪૩

यत्पुनरुपघातकरं सम्यक्त्वज्ञानशीलयोगानाम् ।
तत्कल्प्यमप्यकल्प्यं प्रवचनकुत्साकरं यच्च ॥१४४॥

જે સમ્યક્ત્વજ્ઞાન ચારિત્ર અને નિરવદ્યમન વચન કાયાની પ્રવૃત્તિને હાનિ પહોચાડતું હોય તે કલ્પ્ય છતાં અકલ્પ્ય છે અને જે જૈન શાસનની હેલના કરાવે તે પણ કલ્પ્ય છતાં અકલ્પ્ય છે. ૧૪૪

किञ्चिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यात्स्यादकल्प्यमपि कल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं पात्रं वा भेषजाद्यं वा ॥१४५॥

પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર અને ઓષધ વગેરે જે કાંઈ શુદ્ધ અને કલ્પ્ય હોય છતાં તે અકલ્પ્ય પણ બની જાય છે અને જે અકલ્પ્ય હોય છતાં તે કલ્પ્ય પણ બની જાય છે. ૧૪૫

देशं कालं पुरुषमवस्थामुपयोगशुद्धपरिणामान् ।
प्रसमीक्ष्य भवति कल्प्यं नैकान्तात्कल्पते कल्प्यम् ॥१४६॥

માટે દેશકાળ, પુરુષ-અવસ્થા, ઉપઘાતો, વિઘ્નો અને શુદ્ધ પરિણામો વિગેરેની પૂરતી વિચારણા બાદ કલ્પ્ય બની જાય છે પરંતુ કલ્પ્ય હોય તે એકાંતથી કલ્પે જ એવો નિયમ નથી. ૧૪૬

तच्चिन्त्यं तद्भाष्यं तत्कार्यं भवति सर्वथा यतिना ।
नात्मपरोभयबाधकमिह यत्परतश्च सर्वाद्धम् ॥१४७॥

સાધુપુરુષે સર્વથા પ્રકારે તે વિચારવું, તે બોલવું, તે કરવું કે જે પોતાના આત્માને બીજાના આત્માને અને બન્નેયના આત્માને આ લોકમાં ને પરલોકમાં કોઈપણ કાળે બાધક ન જ થાય. ૧૪૭

सर्वार्थेष्विन्द्रियसङ्गतेषु वैराग्यमार्गविघ्नेषु ।
परिसङ्ख्यानं कार्यं कार्यं परमिच्छता नियतम् ॥१४८॥

જે સાધુપુરુષ ઉત્તમ ધ્યેયમાં મોક્ષ મેળવવામાં ખાતરી-પૂર્વક પાકી સફળતા ઇચ્છતો હોય તેમણે વૈરાગ્યમાર્ગમાં વિઘ્નભૂત અને ઈન્દ્રિયોનું આકર્ષણ કરનારા સર્વ પ્રકારના વિષયોની ગણતરી કરીને જરૂર પૂરતી જ રાખીને બાકીનાઓનો નિયમ-ત્યાગ કરી લેવો જોઈએ. ૧૪૮

भावयितव्यमऽनित्यत्वमशरणत्वं तथैकताऽन्यत्वे ।
अशुचित्वं संसारः कर्माश्रवसंवरविधिश्च ॥१४९॥

અનિત્યપણું, અશરણપણું એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, સંસાર કર્મના આશ્રવો, સંવરવિધિ. ૧૪૯

निर्जरणलोकवस्तरधर्मस्वाख्याततत्त्वचिन्ताश्च ।
बोधेः सुदुर्लभत्वं च भावना द्वादश विशुद्धाः ॥१५०॥

લોકવિસ્તાર, ધર્મસ્વાખ્યાત, તત્ત્વચિંતા, બોધિની, દુર્લભતા શુદ્ધ એવી એ બાર ભાવનાઓ ભાવવી જોઈએ. ૧૫૦

इष्टजनसंप्रयोगर्द्धिविषयसुखसंपदस्तथारोग्यम् ।
देहश्च यौवनं जीवितं च सर्वाण्यनित्यानि ॥१५१॥

ઇષ્ટજનનો મેળાપ ઋદ્ધિ વિષયનાં સુખો, સંપત્તિઓ, આરોગ્ય, દેહ, યૌવન અને છેવટે જીવન એ સર્વ અનિત્ય નાશવંત જ છે ૧૫૧

जन्मजरामरणभयैरभिद्रुते व्याधिवेदनाग्रस्ते ।
जिनवरवचनादन्यत्र नास्ति शरणं क्वचित्लोके ॥१५२॥

જન્મો, જરા, મરણો અને ભયોથી ભરેલા અને રોગો અને વેદનાઓથી ભરેલા આ સંસારમાં જિનેશ્વર પ્રભુનાં વચનો સિવાય બીજે કોઈ પણ ઠેકાણે બીજું કંઈ પણ શરણરૂપ નથી જ. ૧૫૨

एकस्य जन्ममरणे गतयश्च शुभाशुभा भवावर्ते ।
तस्मादाकालिकहितमेकेनैवात्मनः कार्यम् ॥१५३॥

આ સંસારનાં ચક્રોમાં ભમતાં એકલા પોતાને જ પોતાનાં જન્મ-મરણ કરવાં પડે છે અને પોતાની શુભ કે અશુભ ગતિઓમાં પણ પોતાને એકલાને જ જવું પડે છે તો પછી છેવટનું પોતાનું શાશ્વતહિત પોતે એકલાએ જ શા માટે કરી લેવું ન જોઈએ ૧૫૩

अन्योऽहं स्वजनात्परिजनाच्च विभवाच्छरीरकाच्चेति ।
यस्य नियता मतिरियं न बाधते तं हि शोककलिः ॥१५४॥

હું મારા પોતાના કુટુંબીઓ, સેવકો, વૈભવો અને શરીરથી પણ તદ્દન જુદો જ છું. એ પ્રમાણે જેના મનમાં પાકો વિશ્વાસ હોય છે. તેને શોકરૂપી કળીયુગ હેરાન કરી શકતો જ નથી. ૧૫૪

अशुचिकरणसामर्थ्यादाद्युत्तरकारणाशुचित्वाच्च ।
देहस्याशुचिभावः स्थाने स्थाने भवति चिन्त्यः ॥१५५॥

આ શરીર જાતે જ ગંદકી ફેલાવનારું છે. આ શરીરની ઉત્પત્તિ ગંદા પદાર્થોમાંથી જ થાય છે અને પછી પણ તે ગંદા પદાર્થોથી વધીને મોટું થાય છે. એમ આખા શરીર વિષે જેમ જેમ વિચાર કરીએ તેમ તેમ શરીર બધી રીતે ગંદુ જ માલૂમ પડે છે એવી, નિરંતર વિચારણા કરવી ૧૫૫

माता भूत्वा दुहिता भगिनी भार्या च भवति संसारे ।
व्रजति सुतः पितृतां भ्रातृतां पुनः शत्रुतां चैव ॥१५६॥

સંસારમાં જે એકવાર માતા હોય છે તે તે જ દીકરી બહેન કે પત્ની પણ થઇ જાય છે અને જે એકવાર દીકરો હોય છે તે તે જ પિતાભાઈ કે શત્રુ પણ થઈ જાય છે. ૧૫૬

मिथ्यादृष्टिरविरतः प्रमादवान् यः कषायदण्डरुचिः
तस्य तथाश्रवकर्मणि यतेत तन्निग्रहे तस्मात् ॥१५७॥

જે જીવ જે રીતે મિથ્યાદૃષ્ટિ અવિરત પ્રમાદી કષાય સ્વભાવી અને મન-વચન-કાયાના ત્રણ દંડમાં રુચિ ધરાવતો થાય છે. તે સર્વ રીતે તે જીવના આશ્રવસ્થાનો બને છ માટે આશ્રવસ્થાનેને દાબી રાખવાનો જ પ્રયત્ન કરવો જોઈએ. ૧૫૭

या पुण्यपापयोरग्रहणे वाक्कायमानसी वृत्तिः ।
सुसमाहितो हितः संवरो वरददेशितश्चिन्त्यः ॥१५८॥

પુણ્યરૂપ કે પાપરૂપ કર્મોને આવતાં રોકી દે તેવી મન-

વચન-કાયાની પ્રવૃત્તિ તેનું નામ સંવર તે સારી રીતે સમાધિ શાન્તિ આપનાર છે અને હિતકારી છે માટે મનોવાંછિતદાતા શ્રીતીર્થંકર ભગવંતોએ તેનો આદર કરવા માટેનો ખાસ ઉપદેશ આપ્યો છે એમ ચીંતવવું. ૧૫૮

यद्वद्विशोषणादुपचितोऽपि यत्नेन जीर्यते दोषः।
तद्वत्कर्मोपचितं निर्जरयति संवृतस्तपसा ॥१५९॥

જેમ ઘણા વખતથી પેટમાં અનેક પ્રકારનો મળદોષ જામ્યો હોય છે અને જ્યારે તેનું શોષણ કરવા માટે મળ-શોષક ચિકિત્સા પ્રયત્નપૂર્વક કરવામાં આવે છે ત્યારે તે દોષ પકીને દૂર થાય છે. તેમ ઘણા વખતના એકઠા થયેલા ગમે તેટલાં પાપકર્મો હોય છતાં આશ્રવનાં દ્વારો રોકીને સંવરમાં રહેલો આત્મા તપ વડે કરી તેને પકવીને ખેરવી નાખે છે. ૧૫૯

लोकस्याधस्तिर्यग्विचिन्तयेदूर्ध्वमपि च बाहल्यम्।
सर्वत्र जन्ममरणे रूपिद्रव्योपयोगांश्च ॥१६०॥

धर्मोऽयं स्वाख्यातो जगद्धितार्थं जिनैर्जितारिगणैः।
येऽत्र रतास्ते संसारसागरं लीलयोत्तीर्णाः ॥१६१॥

આ લોકનો નીચેનો, વચલો અને ઉપરનો ભાગ તથા તેની પહોળાઈ એ સર્વ પહેલાં તો ધ્યાનમાં લેવા જોઈએ તેમાં સર્વ ઠેકાણે જીવને જન્મ-મરણ કરવાં પડે છે તથા અરૂપી આત્માને કર્માદિકરૂપે અનંતરૂપી પુદ્ગલ દ્રવ્યોનો ઉપયોગ કરવો પડે છે એમ વિચારવું. અંદરના ભાવશત્રુઓને જીતી ચૂકેલા શ્રીજિનેશ્વરપરમાત્માઓએ જગતના હિતને માટે આ જૈન ધર્મનામવાળો મહાનધર્મનો ઉપદેશ આપીને તેને આખી સુંદર રીતે પ્રસિદ્ધિમાં મૂક્યો છે

જે લોકો તેમાં પોતાનું ચિત્ત પરોવે છે તેને તે સંસાર રૂપી સમુદ્ર ઝપાટાબંધ તરાવી દે જ છે. ૧૬૦-૧૬૧

मानुष्यकर्मभूम्यार्यदेशकुलकल्पतायुरुपलब्धौ ।
श्रद्धाकथकश्रवणेषु सत्स्वपि सुदुर्लभा बोधिः ॥१६२॥

મનુષ્યપણું, કર્મભૂમિ, આર્યકુળ, સુંદર આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, આર્યદેશ વિગેરેમાંનું, ઉત્તરોત્તર એક એક દુર્લભ તો છે જ, છતાં કદાચ તે સર્વ મળી ગયા હોય. કદાચ ધર્મ સાંભળવાની ઇચ્છા થઈ હોય કદાચ ધર્મોપદેશકો પણ મળી ગયા હોય અને કદાચ ધર્મ સાંભળવામાં આવતા પણ હોય તો પણ સમકિતની પ્રાપ્તિ તો અત્યંત દુર્લભ જ છે. ૧૬૨

तां दुर्लभां भवशतैर्लब्ध्वाप्यतिदुर्लभा पुनर्विरतिः ।
मोहाद्रागात्कापथविलोकनाद्गौरववशाच्च ॥१६३॥

ઉપર જણાયા પ્રમાણે અત્યંત દુર્લભ છતાં સેંકડો ભવે કદાચ સમ્યક્ત્વ મળી જાયતો પણ મોહ-રાગ અને ઉન્માર્ગમાં ફસાઈ પડવાથી તથા સંપત્તિઓનો મોહ, રસાસ્વાદોનો મોહ અને સુખશીલીયાપણાનો મોહ એ ત્રણેય ગૌરવોને લીધે વિરતિધર્મ પામવો તે તો અત્યંત દુર્લભમાં દુર્લભ જ છે.

तत्प्राप्य विरतिरत्नं विरागमार्गविजया दुरधिगम्यः ।
इन्द्रियकषायगौरवपरीषहसपत्नविधुरेण ॥१६४॥

અને કદાચ એવું વિરતી રૂપી ધર્મ રત્નમળી પણ જાય તો પણ ઈન્દ્રિયોકષાય ગૌરવો અને પરિષહો રૂપ શત્રુઓથી હારી જનારાઓ માટે તો વૈરાગ્ય પામવામાં વિજય મેળવી શકવાનું ઘણું ઘણું જ દુર્લભ છે

तस्मात्परीषहेन्द्रियगौरवगणनायकान्कषायरिपून् ।
क्षान्तिबलमार्दवार्जवसन्तोषैः साधयेद्धीरः ॥१६५॥

માટે પરિષહો ઈન્દ્રિયો ગૌરવોના ગણોના નેતા એવા

કષાયો રૂપી શત્રુઓને વીરપુરુષે ક્ષમા, મૃદુતા, સરળતા અને સંતોષ એચાર પ્રકારના લશ્કરની મદદથી જીતી લેવા જોઈએ.

सञ्चिन्त्य कषायाणामुदयनिमित्तमुपशान्तिहेतुं च ।
त्रिकरणशुद्धमपि तयोः परिहारासेवने कार्ये ॥१६६॥

કષાયોના ઉદય થવાના નિમિત્તો અને તેને દબાવી દેવાના ઉપાયો તે બન્નેય વિચારણામાં બરાબર ગોઠવતા રહેવું જોઈએ પછી મન વચન કાયાની શુદ્ધિપૂર્વક ઉદયના નિમિત્તોનો ત્યાગ કરવો અને ઉપશાન્તિના ઉપાયોનું આચરણ કરવું. ૧૬૬

सेव्यः क्षान्तिर्मार्दवमार्जवशौचे च संयमत्यागौ
सत्यतपोब्रह्माकिञ्चन्यानीत्येष धर्मविधिः ॥१६७॥

ક્ષમા મૃદુતા સરળતા શૌચ સંયમ ત્યાગ સત્ય તપ બ્રહ્મચર્ય આકિંચન્ય આ દશ પ્રકારનો ધર્મવિધિ કષાયોની ઉપશાંતિના ઉપાય તરીકે આચરવો જોઈએ. ૧૬૭

धर्मस्य दया मूलं न चाक्षमावान् दयां समादत्ते ।
तस्माद्यःक्षान्तिपरः स साधयत्युत्तमं धर्मम् ॥१३८॥

ધર્મનું મૂળ દયા છે અક્ષમાશીલ માણસ દયા કરી શકે નહિ માટે જે ક્ષમાશીલ હોય તે જ ઉત્તમ ધર્મ સાધી શકે છે. ૧૬૮

विनयायत्ताश्च गुणाः सर्वे विनयश्च मार्दवायत्तः ।
यस्मिन्मार्दवमखिलं स सर्वगुणभाक्त्वमाप्नोति ॥१६९॥

સર્વ ગુણોની પ્રાપ્તિ વિનય ઉપર આધાર રાખે છે. અને વિનયની પ્રાપ્તિ નરમાશગુણ ઉપર આધાર રાખે છે. માટે જેમાં ખૂબ માર્દવ નરમાશ હોય તેવો આત્મા જ્ઞાનાદિક સર્વ ગુણોનો ધારક થઈ શકે છે. ૧૬૯

नाऽनार्जवो विशुध्यति न धर्ममाराधयत्यशुद्धात्मा ।
धर्मादृते न मोक्षो मोक्षात्परमं सुखं नान्यत् ॥१७०॥

સરળતા વગરનો કપટી આત્મા કદી નિર્મળ હોતો નથી અને મેલો આત્મા કદી ધર્મ આરાધી શકતો નથી ત્યારે ધર્મ વિના તો મોક્ષ મળી શકતો જ નથી અને મોક્ષ સિવાય બીજું કોઈ મોટામાં મોટું સુખ નથી. ૧૭૦

यद्द्रव्योपकरणभक्तपानदेहाधिकारकं शौचम् ।
तद्भवति भावशौचानुपरोधाद्यत्नतः कार्यम् ॥१७१॥

અંદરના ભાવોની પવિત્રતાને હાનિ ન પહોંચે તે રીતે દ્રવ્યો, વસ્તુઓ ઉપકરણો ભોજન પાન અને શરીરને લગતી સ્વચ્છતા-પવિત્રતા નિર્દોષતા જે જે રીતે તે રાખવી ઘટે તે તે રીતે શાસ્ત્રાજ્ઞા મુજબ જરૂર રાખવી. ૧૭૧

पञ्चास्रवाद्विरमणं पञ्चेन्द्रियनिग्रहः कषायजयः ।
दण्डत्रयविरतिश्चेति संयमः सप्तदशभेदः ॥१७२॥

પાંચ આશ્રવોને રોકવા, પાંચ ઇન્દ્રિયોને દબાવી કષાય ઉપર વિજય મેળવવા અને મન-વચન-કાયાએ ત્રણેયના દંડની પ્રવૃત્તિ રોકવી એ સત્તર પ્રકારે સંયમ ધર્મ પાળવો. ૧૭૨

बान्धवधनेन्द्रियसुखत्यागात्त्यक्तभयविग्रहः साधुः ।
त्यक्तात्मा निर्ग्रन्थस्त्यक्ताहङ्कारममकारः ॥१७३॥

કુંટુંબીઓ ધન અને ઇન્દ્રિયોનાં સુખોનો ત્યાગ કરવાથી ભય અને લડાઈનો ત્યાગ તો આપોઆપ થઈ જ જાય છે. એમ હું અને તું એ બન્નેયનો ત્યાગ કરી ચૂકેલા હોય એવા ત્યાગી જ નિર્ગ્રન્થ સાધુ કહેવાય છે. ૧૭૩

अविसंवादनयोगः कायमनोवा गजिह्मता चैव ।
सत्यं चतुर्विध तच्च जिनवरमतेऽस्ति नान्यत्र ॥१७४॥

પૂર્વાપર. અવિરોધી તથા કાયા વાણી અને મનની સરળતા એ ચાર ગુણ ી ચાર પ્રકારનુ સત્ય શ્રીજિનેશ્વરદેવના શાસનમાં જ જોવામાં આવે છે. બીજે કયાંય જોવામાં આવતુ નથી. ૧૭૪

अनशनमूनोदरता वृत्तेः संक्षेपणं रसत्यागः ।
कायक्लेशः संलोनतेति बाह्य तपः प्रोक्तम ॥१७५॥

બાહ્ય તપ અનશન ઉણોદરી વૃત્તિના સંક્ષેપ રસોનો ત્યાગ કાયાને કષ્ટ દેવું અન સયમરૂપ સંલીનતા એ મુખ્ય છ પ્રકારે બાહ્ય તપ કહ્યા છે. ૧૭૫

प्रायश्चित्तध्याने वैयावृन्त्यविनयावथोत्सर्गः ।
स्वाध्याय इति तपः षट्प्रकारमाभ्यतरं भवति ॥१७६॥

પ્રાયશ્ચિત ધ્યાન વિનય વૈયવચ્ચ કાયોત્સર્ગ ને સ્વાધ્યાય એ મુખ્ય છ પ્રકારે અભ્યંતર તપ થાય છે ૧૭૬

दिव्यात्कामरतिसुखात्त्रिविधं त्रिविधेन विरतिरिति नवकं ।
औदारिकाद प तथा तद् ब्रह्माष्टादशाविकल्पम् ॥१७७॥

દિવ્ય એટલે દેવોના વૈક્રય શરીર સંબંધી જે કામ અને રતિ તે મન વચન કાયાના સુખની અપેક્ષાએ એમ ત્રણ પ્રકારે ન કેવું ન કરાવવું અને ન અનુમોદવું એમ ત્રણ રીતે વિરામ પામી વ્રત લેવું એ નવ પ્રકારે એ જ રીતે ઔદારિક સંબંધી કામ અને રતિથી વિરામ પામી વ્રત લેવુ એમ કુલ અઢાર પ્રકારે બ્રહ્મચર્ય પાળવું. ૧૭૭

अध्यात्मविदो मूर्च्छां परिग्रह वर्णयन्ति निश्चयतः ।
तस्माद्वैराग्येप्सोराकिञ्चन्यं परो धर्मः ॥१७८॥

અધ્યાત્મશાસ્ત્રના પારગામી પુરુષો નિશ્ચયથી ખરી રીતે મૂર્છાને જ પરિગ્રહ એમ કહે છે, માટે વૈરાગ્યની ઇચ્છાવાળા માટે અકિંચન્ય એ મોટામા મોટો ધર્મ છે. ૧૭૮

दशविधधर्मानुष्ठायिनः सदा रागद्वेषमोहानाम् ।
दृढरूढघनानामपि भवत्युपशमोऽल्पकालेन ॥१७९॥

ઉપર જણાવેલા દશ પ્રકારના ધર્મનું હમેશા આચરણ કરનારાઓના રાગદ્વેષ અને મોહ ગમે તેટલા દૃઢ રૂઢ અને ઘણા ગાઢ હોય તોય થોડા વખતમાં શાંત થઈ જાય છે. નાશ પામી જાય છે. ૧૭૯

ममकाराहङ्कारत्यागादतिदुर्जयाद्धतप्रबलान् ।
हन्ति परीषहगौरवकषायदण्डेन्द्रियव्यूहान् ॥१८०॥

અને તે પુરુષ મમકાર અને અહંકારનો ત્યાગ કરી મહામુશ્કેલીથી જીતી શકાય તેવા ઉદ્ધત અને બળવાન એવા પરિષહો, ગૌરવો, કષાયો, દંડો અને ઇન્દ્રિયોના ઘેરાઓનો– હુમલાઓને જીતી લે છે. ૧૮૦

प्रवचनभक्तिः श्रुतसम्पदुद्यमो व्यतिकरश्च संविग्नैः ।
वैराग्यमार्गसद्भावभावधीस्थैर्यजनकानि ॥१८१॥

પ્રવચન ભક્તિ શ્રુત જ્ઞાનની સંપત્તિ વધારવામાં ઉદ્યમ અને ગીતાર્થ સાથેનો સંબંધ એ મુખ્યબાબતો વૈરાગ્યમાર્ગમાં સ્થિરભાવે ટકાવે છે સદ્ભાવ બુદ્ધિ સત્શ્રદ્ધાનમાં અને ક્ષયો પશમભાવ બુદ્ધિમાં દેવ ગુરૂની ભક્તિમાંયે સ્થિરભાવે ટકાવે છે.

आक्षेपणीं विक्षेपणीं विमार्गबाधनसमर्थविन्यासां ।
श्रोतृजनश्रोत्रमनःप्रसादजननीं यथा जननीम् ॥१८२॥
संवेदनीं च निर्वेदनीं च धर्म्यां कथां सदा कुर्यात् ।
स्त्रीभक्तचौरजनपदकथाश्च दूरात्परित्याज्याः ॥१८३॥

ઉન્માર્ગથી બચાવવાનું સામર્થ્ય ધરાવતી આક્ષેપીણી અને શ્રોતાઓના શ્રોત અને મનને માતાની માફક આનંદ પમાડવાનું સામર્થ્ય ધરાવતી વિક્ષેપીણી તથા સંવેદન ઉત્પન્ન કરવાની અને નિર્વેદ એટલે સંસાર ઉપર કંટાળો ઉત્પન્ન કરનારી તે નિર્વેદની એ ચાર પ્રકારની ધર્મકથા હંમેશાં કહેવી પરંતુ.

સ્ત્રી કથા ભોજન કથા, ચોર અને દેશને લગતી વાર્તા દૂરથીજ છોડી દેવી. ૧૮૨-૧૮૩

यावत्परगुणदोषपरिकीर्तने व्यापृतं मनो भवति ।
तावद्वरं विशुद्ध ध्याने व्यग्रं मनः कर्तुम् ॥१८४॥

કેમ, કે જો બીજાના ગુણો અને દોષો કહેવામાં પારકી પંચાયતકરવામાં મનતો ચાહે જ છે તો પછી તે ચંચળ મનને શુદ્ધ ધ્યાનમાં લગાડી દેવું એજ વધારે સારું. ૧૮૪

शास्त्राध्ययने चाध्यापने च सञ्चिन्तने तथात्मनि च ।
धर्मकथने च सततं यत्नः सर्वात्मना कार्यः ॥१८५॥

માટે શાસ્ત્ર ભણવા ભણાવવામાં શાસ્ત્રનું મનન કરવામાં આત્માનું ચિંતન કરવામાં, અને ધર્મના ઉપદેશ દેવામાં સર્વ રીતે નિરંતર પ્રયત્ન કર્યોજ કરવો રહ્યો. ૧૮૫

शास्त्विति वाग्विधिविद्भिर्धातुः पापठ्यतेऽनुशिष्टयर्थः ।
त्रैङिति च पालनार्थे विनिश्चितः सर्वशब्दविदाम् ॥१८६॥

ચૌદ પૂર્વોમાંના શબ્દ પ્રાભૃતના એટલે કે વ્યાકરણશાસ્ત્રના જાણકારે એ શાસ્ ધાતુને શીખવવા અર્થોમાં ધાતુ પાઠમાં બતાવ્યો છે અને સર્વ શબ્દોમાં જાણકાર એ જ પુરૂષોએ ત્રૈઙ્ ધાતુના પાલન કરવું રક્ષણ કરવું એવો અર્થ છે એમ નક્કી જણાવેલું છે. ૧૮૬

यस्माद्रागद्वेषोद्धतचित्तान् समनुशास्ति सद्धर्मे ।
सन्त्रायते च दुःखाच्छास्त्रमिति निरुच्यते सद्भिः ॥१८७॥

એ ઉપરથી અર્થ ઘટાવી જોવાથી રાગ અને દ્વેષને લીધે ઉદ્ધતચિત્તવાળા લોકોને ઉત્તમ ધર્મમાં સ્થિર થવાની આજ્ઞા કરે અને એમ કરીને તેઓને દુઃખોથી બચાવે તેનું નામ શાસ્ત્ર એ પ્રમાણે મહાત્માઓએ શાસ્ત્ર શબ્દની નિરુક્તિ બતાવી છે. ૧૮૭

शासनसामर्थ्येन तु सन्त्राणबलेन चानवद्येन ।
युक्तं यत्तच्छास्त्रं तच्चैतत्सर्वविद्वचनम् ॥१८८॥

એટલે કે શિખામણ આપવાનું સામર્થ્ય ધરાવતું હોય અને નિર્દોષ રીતે રક્ષણ કરવાનું બળ પણ ધરાવતું હોય તેનું નામ શાસ્ત્ર અને તેવું શાસ્ત્રતો નીચે પ્રમાણે જણાવેલ સર્વજ્ઞશ્રી જિનેશ્વરપ્રભુના વચનામૃતો જ છે. ૧૮૮

जीवाऽजीवाः पुण्यं पापस्त्रवसंवराः सनिर्जरणाः ।
बन्धो मोक्षश्चैते सम्यक् चिन्त्या नव पदार्थाः ॥१८९॥

જીવ અજીવ પુણ્ય પાપ આશ્રવ સંવર નિર્જરા બંધ મોક્ષ વિસ્તારથી સમજવા માટે સમગ્ર જીવન વ્યવસ્થા અને સમગ્ર વિશ્વ વ્યવસ્થા એ બન્નેયને સચોટ રીતે સમજાવનારા આ તત્ત્વ રૂપ નવ પદાર્થોનું બહુ જ સારી રીતે જ્ઞાનપૂર્વક મનન કરવું. ૧૮૯

जीवा मुक्ताः संसारिणश्च संसारिणश्च संसारिणस्त्वनेकविधाः ।
लक्षणतो विज्ञेया द्वित्रिचतुःपञ्चषड्भेदाः ॥१९०॥

જીવોમુક્ત અને સંસારી છે. સંસારી જીવો અનેક પ્રકારે છે અને તે લક્ષણોથી બે ત્રણ ચાર પાંચ અને છ ભેદેય છે. ૧૯૦

द्विविधाश्चराचराख्यास्त्रिविधाः स्त्रीपुंनपुंसका ज्ञेयाः ।
नारकतिर्यग्मानुषदेवाश्चतुर्विधाः प्रोक्ताः ॥१९१॥

બે ભેદ-થાવર અને ત્રસરૂપે છે ત્રણ ભેદસ્ત્રી પુરુષને નપુંશક રૂપે છે. ચાર ભેદ, દેવનારકતિર્યંચ અને મનુષ્ય રૂપે છે કહ્યા છે. ૧૯૧

पञ्चविधास्त्वेकद्वित्रिचतुः पञ्चेन्द्रियास्तु निर्दिष्टाः ।
क्षित्यम्बुवह्निपवनतरवस्त्रसाश्चेति षट्भेदाः ॥१९२॥

પાંચ ભેદ એ કેન્દ્રિય બેઇન્દ્રિય ચોરેન્દ્રિય પંચેન્દ્રિયરૂપે જણાવ્યા છે. છ ભેદ પૃથ્વી પાણી અગ્નિ વાયુ વનસ્પતિ અને ત્રસરૂપે છે. ૧૯૨

एवमनेकविधानामेकैको विधिरनन्तपर्यायः ।
प्रोक्तः स्थित्यवगाहज्ञानदर्शनादिपर्यायैः ॥१९३॥

એ પ્રમાણે એ દરેકના અનેક ભેદોમાંનોને એકએક જીવ ભેદ સ્થિતિ અવગાહના. જ્ઞાન દર્શન વગેરે વગેરે પર્યાયોથી અનંત પર્યાયવાળો પ્રભુજીએ કહ્યો છે. ૧૯૩

सामान्यं खलु लक्षणमुपयोगो भवति सर्वजीवानाम् ।
साकारोऽनाकारश्च सोऽष्टभेदश्चतुर्धा च ॥१९४॥

સર્વજીવોને લાગુ પડે એવું સામાન્યલક્ષણ ઉપયોગ છે. અને તે આઠ પ્રકારે સાકારોપયોગ છે અને ચાર પ્રકારે નિરાકારોપયોગ છે. ૧૯૪

ज्ञानाज्ञाने पञ्चत्रिविकल्पे सोऽष्टधा तु साकारः ।
चक्षुरचक्षुरवधिकेवलदृग्विषयस्त्वनाकारः + ॥१९५॥

પાંચજ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ આઠભેદે સાકારોપયોગ છે. ચક્ષુદર્શન અવધિદર્શનને કેવળ દર્શન સંબધી એમ ચાર પ્રકારે નિરાકારોપયોગ હોય છે. ૧૯૫

+भावा भवन्ति जीवस्यौदयिकः पारिणामिकश्चैव ।
औपशमिकः क्षयोत्थः क्षयोपशमजश्च पञ्चैते ॥१९६॥

જીવો પાંચ ભાવે પરિણામ પામે છે જીવને ઓદયિક પારિણામિક ઔપશામિકક્ષાયીકને, ક્ષાયોપશમિકએ પાંચભાવો એટલેકે વિવિધ સ્વરૂપો હોય છે. ૧૯૬

ते चैकविंशतित्रिद्विनवाष्टादशविधाश्च विज्ञेयाः ।
षष्ठश्च सान्निपातिक इत्यन्यः पञ्चदशभेदः + ॥१९७॥

તે દરેકના અનુક્રમે એકવીશ, ત્રણ, બે, નવ અને અઢાર ભેદોસમજી લેવા અને દરેકના સંયોગમય છઠ્ઠો પંદર ભેદવાળો જુદોજ શાન્નિપાતિકના ભાવ છે. ૧૯૭

एभिर्भावैः स्थानं गतिमिन्द्रियसंपदः सुखं दुःखम् ।
सम्प्राप्नोतीत्यात्मा * सोऽष्टविकल्पः समासेन ॥१९८॥

આભાવોની સ્વભાવોની મદદથી સ્થાનગતિ ઓછીવધતી ઈન્દ્રિયો સુખ અને દુઃખો વિગેરેને પામે તે આત્મા અને તે ટુંકામાં આઠ પ્રકારનો છે. ૧૯૮

द्रव्यं कषाययोगा-वुपयोगो ज्ञानदर्शने चेति ।
चारित्रं वीर्यं चे-त्यष्टविधा मार्गणा तस्य ॥१९९॥

આત્માની સમજમેળવવા માટે દ્રવ્ય કષાય યોગ ઉપયોગ જ્ઞાનદર્શન ચારિત્ર અને વીર્યએ આઠ પ્રકારે માર્ગણા વિચારવી ૧૯૯

जीवाजीवानां द्रव्यात्मा सकषायिणां कषायात्मा ।
योगः संयोगिनां पुनरुपयोगः सर्वजीवानाम् ॥२००॥

જીવ અને અજીવોના આત્મા તે દ્રવ્યાત્મા, કષાયવાળા જીવોના આત્મા તે કષાયાત્મા સયોગી જીવોનો આત્મા તે યોગાત્મા, સર્વ જીવોના આત્મા તે ઉપયોગાત્મા-૨૦૦

ज्ञानं सम्यग्दृष्टेर्दर्शनमथ भवति सर्वजीवानाम् ।
चारित्रं विरतानां तु सर्वसंसारिणां वीर्यम् ॥२०१॥

સમ્યગ્દ્રષ્ટિનો આત્મા તે જ્ઞાનાત્મા, સર્વ જીવોનો આત્મા તે દર્શનાત્મા, વિરતિવાળાઓનો આત્મા તે ચારિત્રાત્મા સર્વ સંસારી જીવોનો આત્મા તે વીર્યાત્મા-૨૦૧

द्रव्यात्मेत्युपचारः सर्वद्रव्येषु नयविशेषेण ।
आत्मादेशादात्मा भवत्यनात्मा परादेशात् ॥२०२॥

દ્રવ્યાત્મા એ અમુક નયની અપેક્ષાએ ઉપચારથી દરેક દ્રવ્યને કહી શકાય છે . આત્માની સ્વનયની અપેક્ષાએ સર્વ દ્રવ્યો આત્મા છે, અને બીજા દ્રવ્યની અપેક્ષાએ સર્વ દ્રવ્યો અનાત્મા છે. ૨૦૨

एवं संयोगाल्पबहुत्वाद्यैर्नैकशः स परिमृग्यः ।
जीवस्यैतत्सर्वं स्वतत्त्वमिह लक्षणैर्दृष्टम् ॥२०३॥

એ પ્રકારે સંયોગ અલ્પ બહુત્વ વિગેરે અનેક રીતે જીવને વિષે વિચારણા કરીને તેની સમજ મેળવવી ઉપર પ્રમાણે જીવનું સ્વતત્ત્વ અહીં લક્ષણોથી સમજાવ્યું. ૨૦૩

उत्पादविगमनित्यत्वलक्षणं यत्तदस्ति सर्वमपि ।
सदसद्वा भवतीत्यन्यथार्पितानर्पितविशेषात् ॥२०४॥

જુદી જુદી વાચ્યતા-અર્પણા અને જુદી જુદી અવાચ્યતા-

અનર્પણાને લીધે એટલે કે અર્પણાને અનર્પણા વિશેષને લીધે જે ઉત્પત્તિનાશ અને સ્થૈર્યનિત્યત્વ ધ્રૌવ્યરૂપ લક્ષણવાળું હોય તે સર્વ સત્પણે છે અથવા બીજી રીતે તે સર્વ વસ્તુ અસત્ પણ છે. ૨૦૪

योऽर्थो यस्मिन्नाभूत् साम्प्रतकाले च दृश्यते तत्र ।
तेनोत्पादस्तस्य विगमस्तु तस्माद्विपर्यासः ॥२०५॥

જે પદાર્થ જેમાં પહેલો ન હતો તે પદાર્થ હમણાં જોવામાં આવતો હોય તો તે પદાર્થનો ઉત્પાદ કહેવાય છે. તેના કરતાં વિપરીત એટલે કે જે પદાર્થ પહેલાં જોવામાં આવ્યો હોય તે પદાર્થ તેમાં હવે જોવામાં ન આવતો હોય તો તે પદાર્થનો વિગમ એટલે નાશ કહેવાય છે. ૨૦૫

साम्प्रतकाले चानागते च यो यस्य भवति सम्बन्धी ।
तेनाविगमस्तस्येति स नित्यस्तेन भावेन ॥२०६॥

જે પદાર્થ જેની સાથે વર્તમાનમાં અને ભવિષ્યમાં પણ સંબંધ ધરાવતો હોય તો તે પદાર્થ તે રીતે ધ્રુવનિત્ય અવિગમ કહેવાય છે. કેમકે તે તે સ્વભાવે તે રૂપે નિત્ય છે. ૨૦૬

धर्माधर्माकाशानि पुद्गला; काल एव चाऽजीवा ।
पुद्गलवर्जमरूपं तु रूपिणः पुद्गला प्रोक्ताः ॥२०७॥

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય પુદ્ગલાસ્તિકાય અને કાળ એટલા જ અજીવો છે. તેઓમાં પુદ્ગલ સિવાયના બધાય અરૂપી છે અને પુદ્ગલોરૂપી કહ્યા છે ૨૦૭

द्व्यादिप्रदेशवन्तो यावदनन्तप्रदेशिकाः स्कन्धाः ।
परमाणुरप्रदेशो वर्णादिगुणेषु भजनीयः ॥२०८॥

બેથી માંડીને અનંત પ્રદેશો સુધીના સમૂહો સ્કંધો

કહેવાય છે. પરમાણુને પ્રદેશ હોતો નથી. પરમાણુમાં એક વર્ણ, એક ગંધ એક રસ અને બે સ્પર્શ ઘટાવી લેવો. ૨૦૮

भावे धर्माधर्माम्बरकालाः पारिणामिके ज्ञेयाः ।
उदयपारिणामि रूपं तु सर्वभावानुगा जीवाः ॥२०९॥

ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય અને કાળ એ ચાર અજીવ પદાર્થો માત્ર પારિણામીકભાવે જાણવા, અને રૂપી પુદ્ગલ પદાર્થ ઓદાયેકને પારિણામિકભાવે જાણવો અને જીવો પાંચેય ભાવે હોય છે. ૨૦૯

जीवाजीवा द्रव्यमिति षड्विधं भवति लोकपुरुषोऽयम् ।
वैशाखस्थानस्थः पुरुष इव कटिस्थकरयुग्मः ॥२१०॥

જીવો અને અજીવો મળી છ દ્રવ્યો છે. જેમ શાખા હાથપગ ધનુષધારી બે પગ પહોળા રાખીને વૈશાખ રીતે ઊભો રહે છે. તે પ્રમાણે પુરુષ બે પગ પહોળા રાખીને અને કેડ ઉપર બે હાથ મૂકીને ઊભો રહે તે આકારે છ દ્રવ્યોના સમૂહરૂપ આ વિશ્વલોક પુરુષ છે ૨૧૦

तत्राधोमुखमल्लकसंस्थानं वर्णयन्त्यधोलोकम् ।
स्थालमिव च तिर्यग्लोकमूर्ध्वमप मल्लकसमुद्गम् ॥२११॥

તે વિશ્વમાં અધો-નીચેના લોકને ઊંધા વાળેલા કુંડાના આકારે વચ્ચેના તીર્છાલોકને થાળી જેવા આકારે અને ઉપરના ઊર્ધ્વલોકને બે કુંડાના ડાભડાને સંપૂટને આકારે હોવાનું કહે છે, ટૂંકામાં નીચે મુજબ છે. ૨૧૧

सप्तविधोऽधोलोकस्तिर्यग्लोको भवत्यनेकविधः
पञ्चदशविधानः पुन-रूर्ध्वलोकः समासेन ॥२१२॥

અધોલોક સાત પ્રકારે છે. તિર્યંગ્લોક અનેક પ્રકારે છે અને ઊર્ધ્વલોક પંદર પ્રકારે છે. ૨૧૨

लोकालोकव्यापकामाशं मर्त्यलौकिकः कालः ।
लोकव्यापि चतुष्टयमवशेषं त्वेकजीवो वा ॥२१३॥

આકાશ દ્રવ્યલોકમાં અને અલોકમાં ફેલાઈને રહેલું છે. કાળદ્રવ્ય મનુષ્યલોકમાં ફેલાઈ રહેલાં છે. બાકીના ચાર દ્રવ્યો ધર્મ, અધર્મ, પુદ્ગલને જીવ માત્ર આખાવિશ્વ લોકમાં જ ફેલાઈને રહેલા છે અથવા એક જીવ દ્રવ્ય પણ લોકમાં ફેલાઈને રહી શકે છે. ૨૧૩

धर्माधर्माकाशान्येकैकमतः परं त्रिकमनन्तम ।
कालं विनास्तिकाया जीवमृते चाप्यकर्तॄणि ॥२१४॥

ધર્મ-અધર્મ-આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યો એક એક જ છે. તે સિવાય બાકી ત્રણ અનંત છે. જીવ દ્રવ્ય એકલો જ કર્તા છે. બાકીનાં પાંચ દ્રવ્યો અકર્તા છે. કાળ વિના પાંચ દ્રવ્યો અસ્તિકાય-સમૂહ રૂપે છે. ૨૧૪

धर्मो गतिस्थितिमतां द्रव्याणां गत्युपग्रहविधाता ।
स्थित्युपकर्ताऽधर्मोऽवकाशदानोपकृद्गगनम् ॥२१५॥

ધર્માસ્તકાય ગતિશીલ અને સ્થિતિશીલ પદાર્થોને ગતિ કરવામાં અને અધર્માસ્તકાય સ્થિતિ કરવામા મદદગાર થાય છે આકાશાસ્તકાય અવકાશ મેળવવામાં મદદગાર થઈ અવકાશ આપે છે. ૨૧૫

स्पर्शरसगन्धवर्णाः शब्दो बन्धश्च सूक्ष्मता स्थौल्यम् ।
संस्थानं भेदतमश्छायोद्योतातपश्चेति ॥२१६॥

સ્પર્શ, રસ, ગંધ, રૂપ, રંગ, શબ્દ, બન્ધ, આકાર, ભેદ, અંધારું, છાંયડો, પ્રતિબિંબ, ઠંડો પ્રકાશ, તે ઉદ્યોત, ગરમ પ્રકાશ તે આતપ એ સર્વ પુદ્ગલ દ્રવ્યો છે. ૨૧૬

कर्मशरीरमनोवाग्विचेष्टितोच्छ्वासदुःखसुखदाः स्युः ।
जीवितमरणोपग्रहकराश्च संसारिणः स्कन्धाः ॥२१७॥

પુદ્ગલ સ્કન્ધો સંસારસ્થ જીવોને કર્મો શરીરો મન, વાણી, ક્રિયા, ચેષ્ટા, હિલચાલ, શ્વાસ, ઉશ્વાસ, સુખ, દુઃખ, જીવન ને મરણ આપે છે. ૨૧૭

परिणामवर्तनाविधिपरापरत्वगुणलक्षणः कालः ।
सम्यक्त्वज्ञानचारित्र वीर्यशिक्षागुणा जीवाः ॥२१८॥

પરિણામ-રૂપાન્તર પામવાની શક્તિ, વર્તના = હોવાપણું, ક્રિયાગતિ વગેરે ચેષ્ટા, પરત્વ = પહેલાપણું. અને અપરત્વ = પછીપણું એ કાળનું સ્વરૂપ છે. એ કાળ તરફથી મળતી સહાય બીજા જીવોને સમ્યક્ત્વજ્ઞાન ચારિત્ર વીર્ય પ્રેરણા-શિક્ષણ આપી સહાય કરે છે. ૨૧૮

पुद्गलकर्म शुभ यत्तत्पुण्यमिति जिनशासने दृष्टम् ।
यदशुभमथ तत्पापमिति भवति सर्वज्ञनिर्दिष्टम् ॥२१९॥

પુદ્ગલોમય શુભકર્મ હોય છે તેને જૈનશાસનમાં પુણ્ય કહે છે. અને પુદ્ગલોમય અશુભ કર્મો હોય છે તેને સર્વજ્ઞ ભગવંતોએ પાપ તત્વ કહેલું છે. ૨૧૯

योगः शुद्धः पुण्याश्रवस्तु पापस्य तद्विपर्यासः ।
वाकायमनोगुप्तिर्निराश्रवः संवरस्तूक्तः ॥२२०॥

શુદ્ધ મન, વચન ને કાયાની પ્રવૃત્તિ તે પુણ્યનો આશ્રવ પુણ્યને લાવનાર છે. અને તેથી વિરુદ્ધ તે પાપનો આશ્રવ પાપને લાવનાર છે. પુણ્યને પાપને લાવનાર આશ્રવના દ્વારો બંધ કરીને મન, વચન અને શરીરની પ્રવૃત્તિને રોકાવટ કરનારને સંવર કહેવાય છે. ૨૨૦

संवृततपउपधानात्तु निर्जरा कर्मसन्ततिबन्धः ।
बन्धवियोगो मोक्षस्त्विति संक्षेपान्नवपदार्थाः ॥२२१॥

સંવર શીળ સંયમીના તપ અને ઉપધાન ધર્માનુષ્ઠાનો તે જૂનાં કર્મોને ખેરવી નાખે છે માટે તે નિર્જરા કહેવાય છે. અને જેથી કર્મોની પરંપરા આત્મામાં ચાલી આવ્યા જ કરે તે બંધ કહેવાય છે. કર્મોનો બંધ જ બિલકુલ રહેવા ન પામે તે મોક્ષ. એ પ્રમાણે બહુ જ ટૂંકામાં નવ પદાર્થો સમજાવી દીધા છે. ૨૨૧

एतेष्वध्यवसायो योऽर्थेषु विनिश्चयेन तत्त्वमिति ।
सम्यग्दर्शनमेतत्तु, तन्निसर्गादधिगमाद्वा ॥२२२॥

એ નવ તત્ત્વોમય વ્યવસ્થા વિષેનો આ જ તત્ત્વ છે. એ પ્રમાણે પૂરતા વિશ્વાસ અને પૂરતી શ્રદ્ધાથી ભરેલો નિર્ણયાત્મક વિચાર તે સમ્યગ્દર્શન છે આ સમ્યગ્દર્શન નિસર્ગ= સ્વાભાવિક રીતે અથવા અધિગમથી બીજાની મદદથી ઉત્પન્ન થાય છે. ૨૨૨

शिक्षागमोपदेशश्रवणान्येकार्थिकान्यधिगमस्य ।
एकार्थः परिणामो भवति निसर्गः स्वभावश्च ॥२२३॥

શિક્ષા આગમ ઉપદેશ શ્રવણ એ સર્વ અધિગમના પર્યાય શબ્દો છે. પરિણામ નિસર્ગ સ્વભાવ એ નિસર્ગના પર્યાય શબ્દો છે એ બે પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારે સમ્યગ્દર્શન થાય છે ૨૨૩

एतत्सम्यग्दर्शनमनधिगमविपर्ययौ तु मिथ्यात्वम् ।
ज्ञानमथ पञ्चभेदं तत्प्रत्यक्षं परोक्षं च ॥२२४॥

પરંતુ એ નવ પદાર્થોનું જ્ઞાન જ ન હોય અને કદાચ હોય તો તે ખોટા જ્ઞાનરૂપ હોય તે મિથ્યા દર્શન કહેવાય

છે. હવે જ્ઞાન પાંચ પ્રકારે છે અને એ પ્રમાણુ રૂપજ્ઞાન તે જ્ઞાન પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણુ એ બે પ્રમાણુમાં વહેંચાયેલું છે. ૨૨૪

तत्र परोक्षं द्विविधं श्रुतमाभिनिबोधिकं च विज्ञेयम ।
प्रत्यक्षं त्ववधिमन पर्यायौ केवलं चेति ॥२२५॥

તે બે પ્રમાણુમાં પરોક્ષ પ્રમાણુ મતિજ્ઞાનને શ્રુતજ્ઞાન એ બે રૂપ વહેંચાયેલું હોવાનું જાણવું. પ્રત્યક્ષ પ્રમાણુ અવધિ અને મનઃ પર્યાય એ બે રૂપે તથા કેવળજ્ઞાન રૂપે વહેંચાયેલું છે. ૨૨૫

एषामुत्तरभेद विषयादिभिर्भवति विस्तराधिगमः ।
एकादीन्येकस्मिन् भाज्यानि त्वाचतुर्भ्य इति ॥२२६॥

એ પાંચે જ્ઞાનોના પેટા ભેદો અને દરેક વિષય-મર્યાદાઓ વગેરે પ્રકારની વિચારણાની મદદથી તેઓનું ખૂબ વિસ્તારથી જ્ઞાન કરી શકાય તેમ છે. એક જીવને એકી સાથે ઓછામાં ઓછું એકથી માંડીને ચાર સુધી જ્ઞાન હોઈ શકે છે ૨૨૬

सम्यग्दृष्टेर्ज्ञानं सम्यग्ज्ञानमिति नियमतः सिद्धम् ।
आद्यत्रयमज्ञानमपि भवति मिथ्यात्वसंयुक्तम् ॥२२७॥

હવે એ નક્કી થયું કે સમ્યગ્દૃષ્ટિ જીવનું જે જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન અને જ્યારે મિથ્યાત્વ સાથે હોય ત્યારે મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિ વિભંગજ્ઞાન એ ત્રણેય શરૂઆતના જ્ઞાન અજ્ઞાન કહેવાય છે. ૨૨૭

सामायिकमित्याद्यं छेदोपस्थापनं द्वितीयं तु ।
परिहारविशुद्धिः सूक्ष्मसम्पराय यथाख्यातम् ॥२२८॥

ચારિત્રના પાંચ ભેદો—પહેલું સામાયિક, બીજું છેદો, પ્રસ્થાપનીય, ત્રીજું પરિહાર વિશુદ્ધિ, ચોથુ સૂક્ષ્મ સંપરાય અને પાંચમું યથાખ્યાત એ રીતે પાંચ પ્રકારે સમ્યક ચારિત્ર હોય છે. ૨૨૮

इत्येतत्पञ्चविधं चारित्रं मोक्षसाधनं प्रवरम् ।
नैकैरनुयोगनयप्रमाणमार्गैः समनुगम्यम् ॥२२९॥

અને મોક્ષનું નજીકમાં નજીક સાધન છે તેની સમજ અનેક અનુયોગોને માર્ગે અને પ્રમાણોને માર્ગે નયોને પ્રમાણોને માર્ગે જ સારી રીતે મેળવી શકાય તેમ છે. ૨૨૯

सम्यक्त्वज्ञानचारित्रसम्पदः साधनानि मोक्षस्य ।
तास्वेकतराभावेऽपि मोक्षमार्गोऽप्यसिद्धिकरः ॥२३०॥

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ ત્રણેયનો સમુદાય જ મોક્ષનો માર્ગ છે. તે ત્રણમાંનું એકપણ ન હોય તો બાકીનાં બે મોક્ષ આપી શકતાં નથી. ૨૩૦

पूर्वद्वयसम्पद्यपि तेषां भजनीयमुत्तरं भवति ।
पूर्वद्वयलाभः पुनरुत्तरलाभे भवति सिद्धः ॥२३१॥

પહેલાંનાં બે રત્નોની સંપત્તિ પ્રાપ્ત થઈ હોય છતાં ત્રીજા રત્નની સંપત્તિ હોય કે ન પણ હોય અને જો પાછળ પાછળ રત્નો સંપત્તિ પ્રાપ્ત થઈ હોય તો પૂર્વ પૂર્વના રત્નની સંપત્તિ પ્રાપ્ત થઈ જ હોય એમ સમજવું. ૨૩૧

धर्मावश्यकयोगेषु भावितात्मा प्रमादपरिवर्जी ।
सम्यक्त्वज्ञानचारित्राणामाराधको भवति ॥२३२॥

મોક્ષાભિલાષી જે સંસ્કારી આત્મા દશ પ્રકારના મુનિ ધર્મમાં અને આવશ્યક યોગોમાં પ્રમાદનો ત્યાગ કરે છે

તે આત્મા સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના આરાધક થઈ શકે છે. ૨૩૨

आराधनास्तु तेषां तिस्रस्तु जघन्यमध्यमोत्कृष्टाः ।
जन्मभिरष्टत्र्येकैः सिध्यन्त्याराधकास्तासाम् ॥२३३॥

તે રત્નત્રયીની આરાધનાઓ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારે થઈ શકે છે એ ત્રણે પ્રકારના આરાધકો અનુક્રમે આઠ, ત્રણ ને એક ભવમાં મોક્ષ પામી શકે છે. ૨૩૩

तासामाराधनतत्परेण तेष्वेव भवति यतितव्यम् ।
यतिना तत्परजिनभक्त्युपग्रहसमाधिकरणेन ॥२३४॥

તે રત્નત્રયોની આરાધનામાં સદાતત્પર મુનિ મહાત્માએ તત્પરતા જિનેશ્વર પ્રભુની ભક્તિ ઉપગ્રહ વૈયાવચ્ચ અને સમાધિ શાંતિ સદાનુકૂળતા કરવા પૂર્વક તે રત્નત્રયીમાં જ સદા લાગ્યા રહેવું જોઈએ-પ્રયત્નશીલ રહેવું જોઈએ. ૨૩૪

स्वगुणाभ्यासरतमतेः परवृत्तान्तान्धमूकबधिरस्य ।
मदमदनमोहमत्सररोषविषादैरधृष्यस्य ॥२३५॥

પોતાના રત્નત્રયી ગુણોના વિકાસમાં આગળ ને આગળ વધવામાં ઉત્સાહ ધરાવનાર પારકા દોષો જોવામાં આંધળા, પારકા દોષો બોલવામાં મૂંગા અને પારકી નિંદા સાંભળવામાં બહેરા, આઠ મદ કામવાસના, મોહ ઇર્ષ્યાભાવ, ક્રોધ, વિષાદ, શોક વગેરેથી હાર ખાધા વગરનો વિજયી- ૨૩૫

प्रशमाव्याबाधसुखाभिकाङ्क्षिणः सुस्थितस्य सद्धर्मे ।
तस्य किमौपम्यं स्यात् सदेवमनुजेऽपि लोकेऽस्मिन् ॥२३६॥

શાન્તિના વૈરાગ્યના અવ્યાબાધ સુખની ઝંખનામાં સદા તલ્લીન અને ઉત્તમધર્મમાં પૂરેપૂરી રીતે દૃઢતાપૂર્વક સ્થિર એવા પુરુષની સાથે ઉપમા આપી શકાય એવી કોઈ પણ વસ્તુ દેવલોક મનુષ્યલોકમાં અને એકદર આખા વિશ્વમાં છે ખરી કે? ૨૩૬

स्वर्गसुखानि परोक्षाण्यत्यन्तपरोक्षमेव मोक्षसुखम ।
प्रत्यक्षं प्रशमसुखं न परवश न च व्ययप्राप्तम ॥२३७॥

સ્વર્ગનાં સુખો આપણે અનુભવી શકતા નથી કે નજરે આજે જોઈ શકતા નથી અને જ્યારે મોક્ષનું સુખ તો ઘણું જ દૂર હોવાથી તેના અનુભવની તો વાત જ શી? ત્યારે શાન્તિનું સુખ તો આપણે જાતે જ અનુભવી-મ્હાણી શકીએ તે સ્થિતિમાં છે. તે સુખ બીજાને આધીન નથી પરંતુ આપણે પોતાને જ સ્વાધીન છે અને મફત-કોઈ જાતના ખર્ચ વગર મળી શકે તેવું છે ૨૩૭

निर्जितमदमदनानां वाक्कायमनोविकाररहितानाम् ।
विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम ॥२३८॥

મદ અને કામવાસના બેયને જીતી ચૂકેલા, મન વચન કાયાના વિકલ્પો વગરના, પારકી આશાને દૂર હડસેલી ચૂકેલા અને સુવિહિત રત્નત્રયીની આરાધનામાં તત્પર રહેલા હોય તેને અહીં જ મોક્ષ છે. ૨૩૮

शब्दादिविषयपरिणाममनित्यं दुःखमेव च ज्ञात्वा ।
ज्ञात्वा च रागद्वेषात्मकानि दुःखानि संसारे ॥२३९॥

શબ્દરૂપ રસગંધ અને સ્પર્શ વગેરે વિષયોનાં પરિણામો રૂપાન્તરોનું સુખ ક્ષણિક છે અને દુઃખરૂપ છે એમ જાણ્યા

પછી અને સંસારમાં રાગ અને દ્વેષ પોતે જ અત્યંત દુઃખરૂપ છે એમ જાણ્યા પછી પોતાના શરીર ઉપર પણ જેને મમતા નથી હોતી-૨૩૯

स्वशरीरेऽपि न रज्यति शत्रावपि न प्रदोषमुपयाति ।
रोगजरामरणभयैरव्यथितो यः स नित्यसुखी ॥२४०॥

અને શત્રુ ઉપર પણ જેને દ્વેષ થતો નથી અને રોગો, વૃદ્ધાવસ્થા અને મરણના ભયો જેને ગભરાવી શકતા નથી એવો જે હોય તે સદાનો સુખી જ હોય. ૨૪૦.

धर्मध्यानाभिरतस्त्रिदण्डविरतस्त्रिगुप्तिगुप्तात्मा ।
सुखमास्ते निर्द्वन्द्वो जितेन्द्रियपरीषहकषायः ॥२४१॥

ધર્મધ્યાનમાં મસ્ત મન વચન કાયા એ ત્રણેયના દંડેથી દૂર રહેલો ત્રણ ગુપ્તિની મદદથી પોતાના આત્માનું ચારેય તરફથી રક્ષણ કરી રહેલો, ઇંદ્રિયો, પરિષહો અને કષાયો ઉપર વિજય મેળવી ચૂકેલો અને દ્વન્દ્વ વગરનો એકલો ફક્કડ સુખે રહી જ શકે તેમાં નવાઈ જ શી? ૨૪૧

विषयसुखनिरभिलाषः प्रशमगुणगणाभ्यलङ्कृतः साधुः ।
द्योतयति यथा न तथा सर्वाण्यादित्यतेजांसि ॥२४२॥

જેમ સૂર્ય સર્વ પદાર્થોને પ્રકાશમાં લાવે છે તેમ વિષયોના સુખોની આશા કે ઇચ્છા વગરના અને વૈરાગ્યને લગતા અનેક ગુણોથી શોભી ઊઠેલા સાધુપુરુષ સર્વ પ્રકાશોને પણ અજવાળે છે. ૨૪૨

(सम्यग्दृष्टिर्ज्ञानी विरतितपोबलयुतोऽप्यनुपशान्तः ।
तं न लभते गुणं यं प्रशमगुणमुपाश्रितो लभते) ॥

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીવ્રત, વિરતીધારી અને તપોબળથી

બળવાન હોવા છતાં જો પુરુષ વૈરાગી ન હોય તો તેને તે જાતનો ફાયદો નથી થતો કે જે જાતનો ફાયદો વૈરાગ્યના સુખનો આસ્વાદ લેનારને થાય છે

सम्यग्दृष्टिर्ज्ञानी विरतितपोध्यानभावनायोगैः ।
शालाङ्गसहस्राष्टादशकमयत्नेन साधयति ॥२४३॥

સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની વિરતધર તપસ્વી ધ્યાની ભાવનાશીલ મનવચનકાયાનો નિત્ય સુપ્રવર્તક, ચારિત્રના અઢાર હજાર અંગોમાં તદ્દન સહેલાઈથી સિદ્ધહસ્ત બની જાય છે. ૨૪૩

धर्माद् भूम्यादीन्द्रियसंज्ञाभ्यः करणतश्च योगाच्च ।
शीलाङ्गसहस्राणामष्टादशकस्यास्ति निष्पत्तिः ॥२४४॥
शीलार्णवस्य पारं गत्वा संविग्नसुगममार्गस्य ।
धर्मध्यानमुपगतो वैराग्यं प्राप्नुयाद्योग्यम् ॥२४५॥

દશ પ્રકારના ક્ષમાદિ ધર્મો, પૃથ્વી તેવા અપ, વનસ્પતિ બે ઇન્દ્રિય તે ઇન્દ્રિય ચોરેન્દ્રિય પંચેન્દ્રિયને અજીવકાયની રક્ષા શ્રોત ચક્ષુ ઘ્રાણ રસને સ્પર્શેન્દ્રિયના વિષયોનો ત્યાગ આહાર ભયમૈથુન પરિગ્રહસંજ્ઞાનો ત્યાગ કરવું કરાવવું ને અનુમોદવુ મન વચન કાયા એ કરીને એમ સમગ્ર ૧૮૦૦૦ ભેદો બરાબર રીતે થઈ શકે છે. ૧૦×૧૦×૫×૪×૩×૩=૧૮૦૦૦

જે સંવિગ્ન ત્યાગી વૈરાગી પુરુષોથી સહેલાઈથી ઓળંગી શકાય છે તે સચ્ચારિત્રરૂપી સમુદ્રને ચારિત્રના અઢારહજાર ભેદોને જીવનમાં બરાબર પાલન કરનારા જે મહાપુરુષો તરી જાય છે અને ધર્મધ્યાનમાં સદા મગ્ન રહે છે તેને સુંદર વૈરાગ્ય અવશ્ય પ્રાપ્ત થયો જ હોય છે. ૨૪૪-૨૪૫

आज्ञाविचयमपायविचयं च सद्ध्यानयोगमुपसृत्य ।
तस्माद्विपाकविचयमुपयाति संस्थानविचयं च ॥२४६॥

આજ્ઞાવિચય અને અપાયવિચય નામના ધ્યાનયોગમાં પસાર થઈને તે પછી વિપાકવિચય અને સંસ્થાનવિચય નામના ધ્યાનયોગોમાં જઈ પહોચાય છે. ૨૪૬

आप्तवचनं प्रवचनं चाज्ञाविचयस्तदर्थनिर्णयनम् ।
आश्रवविकथागौरवपरीषहाद्यैरपायस्तु ॥२४७॥

આપ્તનું હિતકારી અને પ્રામાણિક પુરુષનું વચન તે પ્રવચન કહેવાય છે અને તેના અર્થોનો દૃષ્ટાંતપૂર્વક નિર્ણય વિશ્વાસ તે આજ્ઞાવિચય આશ્રવો વિકથા ગારવો પારષહો વગેરે અપાયરૂપ દુઃખદાયક છે તે અપાયવિચય ધર્મધ્યાન છે.૨૪૭

अशुभशुभकर्मविपाकानुचिन्त्यनार्थो विपाकविचय स्यात् ।
द्रव्यक्षेत्राकृत्यनुगमनं संस्थानविचरस्तु ॥२४८॥

અશુભ અને શુભ કર્મોના ઉદયથી થતી વિવિધ અસરો વિષેની વિસ્તૃત વિચારણા ધ્યાનમાં લેવી તે વિપાકવિચય ધર્મધ્યાન છે દ્રવ્યો અને ક્ષેત્રોના આકારોની વિચારણા ધ્યાનમાં લેવી તે સંસ્થાનવિચય ધર્મધ્યાન છે. ૨૪૯

जिनवरवचनगुणगणं सञ्चिन्तयतो वधाद्यापायांश्च ।
कर्मविपाकान् विविधान् संस्थानविधीननेकांश्च ॥२४९॥

જિનેશ્વર પ્રભુના ઉપદેશ વચનોના અનંત ગુણોની પ્રાણીવધ વગેરેની હાનિકારકતાની વિવિધ પ્રકારની કર્મના વિપાકોની ભયંકરતાની અને દ્રવ્યોક્ષેત્રો અને વિવિધ આકૃતિઓની સહજ સિદ્ધવ્યવસ્થાની વિચારણા કરનાર છે.

नित्योद्विग्नस्यैवं क्षमाप्रधानस्य निरभिमानस्य ।
धुतमायाकलिमलनिर्मलस्य जितसर्वतृष्णस्य ॥२५०॥

સંસારથી હમેશને માટે કંટાળેલા છે. ક્ષમામય જીવન જીવનાર છે, મદગર્વ અભિમાન અહંકાર વગરના છે, માય કપટ અને પાપ મેલનો નાશ કરીને નિર્મળ બનેલા છે સર્વ પ્રકારની આશાતૃષ્ણા લાલસાઓ ઉપર વિજય મેળવી ચૂકેલા છે. ૨૫૦

तुल्यारण्यकुलाकुलविविक्तबन्धुजनशत्रुवर्गस्य ।
समवासोचन्दनकल्पनप्रदेहादिदेहस्य ॥२५१॥

જંગલ અને કુટુંબોથી ભરપૂર સ્થાનો તથા બંધુવર્ગ અને શત્રુવર્ગને તજી ચૂકેલા હોવાથી દરેક ઉપર સમાનભાવ ધારણ કરે છે કોઈ પોતાના શરારને વાસલાથી છોલી જાય અથવા કોઈ પોતાના શરીરને ચંદનનો લેપ કરી જાય એ બન્ને ઉપર સમાન ભાવ ધારણ કરનાર છે. ૨૫૧

आत्मारामस्य सतः समतृणमणिमुक्तलेष्टुकनकस्य ।
स्वाध्यायध्यानपरायणस्य दृढमप्रमत्तस्य ॥२५२॥

આત્મામાં સદા રમણતા કરનાર છે; ઘાસ, રત્નો, મોતી, ઢેફાં અને સોનું એ દરેક ઉપર સમાન ચિત્તવાળા છે. પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં સદામગ્ન રહેલા છે, કડકમાં કડક રીતે પ્રમાદના સર્વથા ત્યાગી છે ૨૫૨

अध्यवसायविशुद्धेः प्रशस्तयोगैर्विशुद्ध्यमानस्य ।
चारित्रशुद्धमग्र्यामवाप्य लेश्याविशुद्धिं च ॥२५३॥

જેના અધ્યવસાયો આત્મિક ભાવો માત્ર શુદ્ધ જ નહિ પરંતુ વિશુદ્ધ થતા જાય છે, પ્રમાદયુક્ત મન, વચન કાયાની પ્રવૃત્તિમાં ઉત્તરોત્તર ખૂબ વિશુદ્ધિઓ પ્રાપ્ત કરી છે અને જેનું કલ્યાણ નજીકમાં નજીક છે તે પૂરા સંતમહાત્માને ઊંચા

પ્રકારની ચારિત્રની વિશુદ્ધિ અને લેશ્યાની વિશુદ્ધિ પ્રાપ્ત થયા પછી. ૨૫૩

तस्यापूर्वकरणमथ घातिकर्मक्षयैकदेशात्थम् ।
ऋद्धिप्रवेकविभवत्वदुपजातं जातभद्रस्य ।।२५४।।

ઘાતી કર્મોમાંના કેટલાક મુખ્ય ભાગને લગતાં કર્મોનો ક્ષય થઈ જવાથી ઉત્પન્ન થયેલું અને શુદ્ધિપૂર્વક અને વૈભવોથી ભરપૂર અથવા આમપૌષધ્યાદિ ઋદ્ધિનો અ ધિજ્ઞાનાદિ પ્રયંકો અને તણખલામાંથી વરસાદ કરવાની શક્તિ વગેરે વૈભવોથી ભરપૂર એવું આજ સુધીમાં કદી પ્રાપ્ત થયેલુ ન હોવાથી અપૂર્વકરણ સામર્થ્યયોગ પ્રાપ્ત થાય છે ૨૫૪

सातर्द्धिरसेष्वगुरुःप्राप्यर्द्धिविभूतिमसुलभामन्यैः ।
सक्तः प्रशमरतिसुखे न भजति तस्यां मुनिः सङ्गम् ।।२५५।।

શાતા ઋદ્ધિ અને રસમાં જરા પણ રીતે ન મળી શકે તેવી ઋદ્ધિઓ વિભૂતિઓ મેળવ્યા છતાં વૈરાગ્યરસના આનંદમાં એટલા બધા મસ્ત હોય છે કે તેને તે વૈભવોમાં જરા પણ આસક્તિ થતી હોતી જ નથી. ૨૫૫

या सर्वसुरवरर्द्धिविस्मयनीयापि साऽनगारर्द्धेः ।
नार्घति सहस्रभागं कोटिशतसहस्रगुणितापि ।।२५६।।

સર્વાર્થસિદ્ધ નામના અનુત્તરવાસી દેવોની મનને ચમત્કાર પમાડે તેવી જે ઊંચા ઊંચા પ્રકારની ઋદ્ધિ છે તેને લાખો એ કરોડોએ ગુણી નાખીએ તોપણ અણગારમુનિની ઋદ્ધિના એક-હજારમા ભાગને પણ પહોંચી શકતી નથી. ૨૫૬

तज्जयमवाप्य जितविघ्नरिपुर्भवशतसहस्रदुष्प्रापम् ।
चारित्रमथाख्यातं सम्प्राप्तस्तीर्थकृत्तुल्यम् ।।२५७।।

शुक्लध्यानाद्यद्वयमवाप्य कर्माष्टकप्रणेतारम् ।
संसारमूलबीजं मूलादुन्मूलयति मोहम् ॥२५८॥

લબ્ધીઓ ઉપર અનાસક્તિ કેળવવા રૂપવિજય પ્રાપ્ત કરી કષાયાદિક વિઘ્નરૂપ શત્રુઓ ઉપર વિજય મેળવ્યા પછી લાખો ભવેય ન મળે તેવું તીર્થંકર પ્રભુના જેવું યથાખ્યાત નામનું ચારિત્ર પ્રાપ્ત કરે છે અને ત્યારે શુક્લ ધ્યાનના શરૂઆતના બે ભેદોનો આશ્રય લઈ આઠેય કર્મોનો મહાન નેતા અને સંસારનું મૂળ બીજ મોહનીય કર્મનો મૂળથી જ ક્ષય કરી નાખે છે. ૨૫૮

पूर्वं करोत्यनन्तानुबन्धिनाम्नां क्षयं कषायाणाम् ।
मिथ्यात्वमोहगहनं क्षपयति सम्यक्त्वमिथ्यात्वम् ॥२५९॥

सम्यक्त्वमोहनीयं क्षपयत्यष्टावतः कषायांश्च ।
क्षपयति ततो नपुंसकवेदं स्त्रीवेदमथ तस्मात् ॥२६०॥

સૌથી પહેલાં અનંતાનુબંધી કષાય ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય કરે છે. પછી મિથ્યાત્વ દર્શન વરણીય મોહનીય કર્મનો ક્ષય કરે છે તે પછી મિશ્ર પછી સમ્યક્ત્વદર્શન મોહનીય કર્મનો ક્ષય પછી અપ્રત્યાખ્યાની ને પ્રત્યાખ્યાની ચારિત્રમોહનીય કર્મનો ક્ષય કરે છે. પછી નપુંસકવેદસ્ત્રીવેદ પછી હાસ્ય રતિ અરતિભય શોકદુગંછાએ છનો કષાય મોહનીય કર્મનો ક્ષય કરે છે. ૨૫૯–૨૬૦

हास्यादि ततः षट्कं क्षपयति तस्माच्च पुरुषवेदमपि ।
संज्वलनानपि हत्वा प्राप्नोत्यथ वीतरागत्वम् ॥२६१॥

અને તેની પછી પુરુષવેદને છેવટે સંજ્વલન કષાયમોહનીય કર્મનો ક્ષય કરે છે, એમ મોહનીય કર્મની અઠ્ઠાવીસ પ્રકૃતિનો ક્ષય કરે છે અને પછી તરત જ આત્મા વીતરાગપણું પામી જાય છે. ૨૬૧

सर्वोद्घातितमोहो निहतक्लेशो यथा हि सर्वज्ञः ।
भात्यनुपलक्ष्यराह्वंशोन्मुक्तः पूर्णचन्द्र इव ॥२६२॥

એમ જરીએ જરી મોહનો નાશ થવાથી કોઈ પણ પ્રકારનો ખાસ કલેશ રહેવા પામ્યો હોતો જ નથી તેથી જેમ ન ઓળખી શકાય તેવી રીતે રાહુના અંશોથી પ્રથમ ઘેરાયેલો હોવા છતાં મુક્ત થયા પછી પૂર્ણ ચંદ્રમા ખીલી ઊઠે છે. ૨૬૨

सर्वेन्धनैकराशीकृतसंदीप्तो ह्यनन्तगुणतेजाः ।
ध्यानानलस्तपः प्रशमसंवरहविर्विवृद्धबलः ॥२६३॥

તેમ સર્વજ્ઞ પ્રભુની માફક વીતરાગમુનિ શોભી ઊઠે છે. જગતભરમાં જેટલા લાકડાં બળતણ હોય તે સર્વનો એક ઢગલો કરી તેને સળગાવવામાં આવે તેના કરતાં અનંત ગણો તેજસ્વી ધ્યાનાગ્નિ સળગી ઊઠે છે. ૨૬૩

क्षपकश्रेणिमुपगतः स समर्थः सर्वकर्मिणां कर्म ।
क्षपयितुमेको यदि कर्मसङ्क्रमः स्यात्परकृतस्य ॥२६४॥

અને પછી તેમાં તપ, શાન્તિ સંવર એ ત્રણરૂપ ઘી હોમાય ત્યારે તે ધ્યાનાગ્નિ એટલો બધો વધી જાય છે કે જો એક જીવના કર્મોમાં બીજા બધા એ જીવોના સર્વ કર્મો સંક્રમાવી શકાતાં હોય તો જગતભરનાં સર્વ કર્મોને બાળી નાખવાની તાકાત તેમાં હોય છે. ૨૬૪

परकृतकर्मणि यस्मान्नाक्रामति संक्रमो विभागो वा ।
तस्मात्सत्त्वानां कर्म यस्य यत्तेन तद्वेद्यम् ॥२६५॥

પરંતુ વસ્તુસ્થિતિ એવી છે કે એક જીવે કરેલાં કર્મો બીજા જીવોને લાગુ પડતા નથી, બીજા જીવોનાં કર્મોમાં ભળી શકતાં નથી, બીજા જીવોના કર્મોમાં ભાગ પણ પડતો નથી.

માટે પ્રાણીઓમાં જેનું જે કર્મ હોય તેણે તે પોતાનું જ કર્મ ભોગવવાનું હોય છે. ૨૬૫

मस्तकसूचिविनाशात्तालस्य यथा ध्रुवो भवति नाशः ।
तद्वत्कर्मविनाशो हि मोहनीयक्षये नित्यम् ॥२६६॥

જેમ તાડના ઝાડની ટોચે લાંબી અણીદાર અને મોટી સોય હોય છે તે કાપી નાખવામાં આવે તો તે તાડનું ઝાડ પણ સુકાઈને નાશ પામે છે. તે પ્રમાણે મોહનીય કર્મના ક્ષય થયો કે બાકીનો પણ ક્ષય થયા વિના રહેતો જ નથી. ૨૬૬

छद्मस्थवीतरागः कालं साऽन्तर्मुहूर्तमथ भूत्वा ।
युगपद्विविधावरणान्तरायकर्मक्षयमवाप्य ॥२६७॥

शाश्वतमनन्तमनतिशयमनुपममनुत्तरं निरवशेषम् ।
संपूर्णमप्रतिहतं सम्प्राप्तः केवलं ज्ञानम् ॥२६८॥

છદ્મસ્થ વીતરાગ થયા પછી અંતર્મુહૂર્તનો કાળ વીતવા દીધા પછી તુરત જ એકીસાથે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મના ક્ષય કરી નાખે છે અને તે ક્ષય થવાની સાથે જ શાશ્વત અનંત અત્યતિશાયી અનુપમ અનુત્તર નીરવશેષ સંપૂર્ણ અપ્રતિહત કેવળજ્ઞાન પામે છે ૨૬૭ ૨૬૮

कृत्स्ने लोकालोके व्यतीतसाम्प्रतभविष्यतः कालान् ।
द्रव्यगुण पर्यायाणां ज्ञाता दृष्टा च सर्वार्थैः २६९॥

क्षीणचतुष्कर्मांशो वेद्यायुर्नामगोत्रवेदयिता ।
विहरति मुहूर्तकालं देशोनां पूर्वकोटिं वा ॥२७०॥

तेनाभिन्नं चरमभवायुर्दुर्भेदमनपवर्तित्वात् ।
तदुपग्रहं च वेद्यं तत्तुल्ये नामगोत्रे च ॥२७१॥

કેવળજ્ઞાન પ્રાપ્ત થતાંની સાથે જ સર્વથા પ્રકારે ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળના લોક અને અલોકના તમામેતમામ

ભાવો, દ્રવ્યો, ગુણો અને પર્યાયોને પૂરી રીતે જાણતા અને જોતા ચાર કર્મોનો પૂરેપૂરો નાશ કરી ચૂકેલા અને વેદનીય નામ ગોત્ર અને આયુષ્ય એ ચાર કર્મ જ માત્ર ભોગવતાં એક મુહૂર્ત સુધી. અથવા આઠ વર્ષ ઓછા ક્રોડ પૂર્વ વર્ષો સુધી તે ભગવાન પૃથ્વી તળ પર વિચરે છે ચરમ શરીરી હોવાથી છેલ્લા ભવના આયુષ્યમાં અપવર્તન ઘટાડો ન જ થઈ શકતો હોવાથી તે ભવનું આયુષ્ય ભગવાન પૂરેપૂરું ભોગવે છે ૨૬૯-૨૭૦-૨૭૧

यस्य पुनः केवलिनः कर्म भवत्यायुषोऽतिरिक्ततरम् ।
स समुद्घातं भगवानथ गच्छति तत्समीकर्तुम् ॥२७२॥

એટલે કે શરીર પણ ચરમ છેલ્લુ હોવાથી છેલ્લા ભવના આયુષ્યમાં ઘટાડો થઈ શકતો નથી તેથી તૂટયા વગરનુ આયુષ્ય પૂરેપૂરું ભોગવાય છે અને વેદનીય કર્મ પણ તેનાથી જુદું પડતું નથી અને તે આયુષ્ય કર્મ ઉપર જ આધાર રાખે છે એ જ પ્રમાણે નામ અને ગોત્ર કર્મની સ્થિતિ પણ તેના સરખી જ હોય છે. પરંતુ જે કેવળજ્ઞાની ભગવંતને બાકીનાં કર્મો આયુષ્ય કર્મ કરતાં વધારેમાં વધારે હોય તે કેવળજ્ઞાની ભગવાન તે કર્મોને આયુષ્યકર્મની સાથે સરખી સ્થિતિના કરવા માટે કેવળી સમુદ્ઘાત કરે છે. ૨૭૨

दण्डं प्रथमे समये कपाटमथ चोत्तरे तथा समये ।
मन्थानमथ तृतीये लोकव्यापि चतुर्थे तु ॥२७३॥

संहरति पञ्चमे त्वन्तराणि मन्थानमथ पुनः षष्ठे ।
सप्तमके तु कपाटं संहरति ततोऽष्टमे दण्डम् ॥२७४॥

પહેલે સમયે દંડને આકારે, બીજે સમયે કમાડને આકારે, ત્રીજે સમયે રવૈયાને આકારે, ચોથે સમયે આંતરાપુરી સર્વ લોકવ્યાપી થઈને આત્મા લોકમાં સર્વત્ર ફેલાઈ જાય છે.

પાંચમે સમયે આંતરા સંકેલાઈ જાય છે. છઠ્ઠે સમયે રવૈયાનો આકાર સંકેલાઈ જાય છે સાતમે સમયે કપાટનો આકાર સંકેલાઈ જાય છે. આઠમે સમયે દંડનો આકાર પણ સંકેલાઈ જાય છે. ૨૭૩-૨૭૪

औदारिकप्रयोक्ता प्रथमाष्टमसमययोरसाविष्टः ।
मिश्रौदारिकयोक्ता सप्तमषष्ठद्वितीयेषु ॥२७५॥

कार्मणशरीरयोगी चतुर्थके पञ्चके तृतीये च ।
समयत्रयेऽपि तस्मिन् भवत्यनाहारको नियमात् ॥२७६॥

પહેલા અને આઠમા સમયમાં ઔદારિક શરીરયોગથી જે બધો પ્રયત્ન ચલાવે છે સાતમા, છઠ્ઠા અને બીજા સમયમાં ઔદારિક મિશ્ર શરીરયોગથી જ બધો પ્રયત્ન કરે છે. ત્રીજા, ચોથા અને પાંચમા સમયમાં ફક્ત કાર્મણ યોગથી જ બધો પ્રયત્ન ચલાવે છે અને એ જ ત્રણ સમયોમાં જ અણાહારી હોય છે. ૨૭૫-૨૭૬

स समुद्घातनिवृत्तोऽथ मनोवाक्काययोगवान् भगवान् ।
यतियोग्ययोगयोक्ता योगनिरोधं मुनिरुपैति ॥२७७॥

સમુદ્ઘાત પૂરી કર્યા પછી તે મન-વચન-કાયાના યોગો ધારણ કરતા કેવળી ભગવાન મહામુનિને યોગ્ય યોગ સમાધિમાં સ્થિર થઈને મન-વચન-કાયાના યોગોનો નિરોધ કરવાની શરૂઆત કરે છે. ૨૭૭

पञ्चेन्द्रियोऽथ संज्ञी यः पर्याप्तो जघन्ययोगी स्यात् ।
निरुणद्धि मनोयोगं ततोऽप्यसंख्येयगुणहीनम् ॥२७८॥

સંજ્ઞી પર્યાપ્ત પંચેન્દ્રિય જીવને મનઃ પર્યાપ્તિને પહેલે સમયે ઓછામાં ઓછો જેટલો મનોયોગ હોય તેના કરતાં અસંખ્યાત ગુણો ઓછો મનોયોગ એ પહેલવહેલો રોકવા માંડી પૂરેપૂરો રોકી નાખે છે. ૨૭૮

द्वीन्द्रियसाधारणयोर्वागुच्छ्वासावधो जयति तद्वत् ।
पनकस्य काययोगं जघन्यपर्याप्तकस्याधः ॥२७९॥

सूक्ष्मक्रियमप्रतिपाती काययोगोप-योगतो (गस्ततो?) ध्यात्वा ।
विगतक्रियमनिवर्तित्वमुत्तरं ध्यायति परेण ॥२८०॥

તે જ પ્રમાણે પર્યાપ્ત બેઈન્દ્રિયના જઘન્યવચન યોગ કરતાંય અસંખ્યાત ગુણો ઓછો એછો વચનયોગ રોકવા માંડી પૂરેપૂરો રોકી નાખે છે ને એજ પ્રમાણે સાધારણ વનસ્પતિ કાયને શ્વાસોશ્વાસ પર્યાપ્તિને પહેલે સમયે જેટલો શ્વાસોચ્છવાસ હોય છે તેના કરતાં અસંખ્યાત ગુણો ઓછો શ્વાસોચ્છવાસ રોકવા માંડે છે અને પુરેપુરો રોકી નાખે છે. પછી પહેલે સમયે જઘન્ય કાયયોગી પર્યાપ્તપનક લીલફુગના જીવને ઓછામાં ઓછો જેટલો કાયયોગ હોય તેના કરતાં અસંખ્યાત ગુણો ઓછો કાયયોગ રોકવા માંડીને પૂરેપૂરો રોકી નાખે છે. તે વખતે માત્ર સૂક્ષ્મકાય યોગમાં ઉપયોગવાળા રહીને સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી નામનું શુકલધ્યાનનું ત્રીજું ધ્યાન પૂર્ણ કરીને પછી વિગત-ક્રિયા અનિવર્તી નામનું શુકલ ધ્યાનનું છેલ્લામાં છેલ્લું અથવા ઉત્તમમાં ઉત્તમ ચોથું ધ્યાન ધ્યાવે છે. ૨૭૯–૨૮૦

चरमभवे संस्थानं यादृग्यस्योच्छ्रयप्रमाणं च ।
तस्मात् त्रिभागहीनावगाहसंस्थानपरिणाहः ॥२८१॥

છેલ્લા ભવે જે જીવને પોતાના શરીરનું જે સ્થાન આકૃતિ હોય અને જેટલું ઊંચાઈનું માપ હોય તેના કરતાં ત્રીજા ભાગે ઓછી ઊંચાઈ, આકાર અને જાડાઈવાળો આત્મા ગોઠવાય છે. ૨૮૧

सोऽथ मनोवागुच्छ्वासकाययोगक्रियार्थविनिवृत्तः ।
अपरिमितनिर्जरात्मा संसारमहार्णवोत्तीर्णः ॥२८२॥

ईषद्ह्रस्वाक्षरपञ्चकोद्गिरणमात्रतुल्यकालीयाम् ।
संयमवीर्याप्तबलः शैलेशोमेति गतलेश्यः ॥२८३॥

पूर्वरचितं च तस्यां समयश्रेण्यामथ प्रकृतिशेषम् ।
समये समये क्षपयत्यसंख्यगुणमुत्तरोत्तरतः ॥२८४॥

અને તેથી મનવચન શ્વાસોચ્છ્‌વાસ અને કાયાના યોગોની સર્વ પ્રકારની ક્રિયા પ્રવૃત્તિરૂપ ઘટવાથી તદ્દન રહિત થઈ અપરિમત ઘણા ઘણા કર્મો અનુક્રમે ખપાવતાં ખપાવતાં તદ્દન કર્મો રહિત થઈને સંસારરૂપી મહાસમુદ્રથી પાર ઊતરી જાય છે અને એ રીતે તેરમા ગુણસ્થાનક પછી સંયમ વીર્યનું પૂરેપૂરુ બળ પ્રાપ્ત કરી ચૂકેલા લેશ્યારહિત અલેશી ભગવાન અ इ उ ऋ लृ એ પાંચ હ્રસ્વ સ્વરોનો ઉચ્ચાર કરવામાં જેટલો વખત લાગે તેટલા જ વખતની શૈલેશી–મેરુપર્વતના જેવી નિશ્ચળ અવસ્થા ત્રણ શરીર રહિત થઈને સ્પર્શ વગરની ઋજુ શ્રેણીની ગતિ અથવા માર્ગને પ્રાપ્ત કરીને ક્યાંય પણ વિગ્રહ વાંક કાટખૂણો કર્યા વિનાજ એકજ સમયે કરીને કશીએ રોકવટ વિના ઊંચે ઊંચે જઈને જન્મ, જરા, મરણ અને રોગથી સદાને માટે રહિત થઈ સાકાર ઉપયોગમાં સ્થિર રહી લોકના છેડે ટોચ ઉપર નિર્મળ સિદ્ધિક્ષેત્ર સિદ્ધશીલા ઉપર મોક્ષમાં બિરાજમાન થાય છે. ૨૮૨ ૨૮૩–૨૮૪

चरमे समये सङ्ख्यातीतान्विनिहत्य चरमकर्मांशान् ।
क्षपयति युगपत् कृत्स्नं वेद्यायुर्नामगोत्रगणम् ॥२८५॥

અને તે વખતે તે સમય શ્રેણીમાં પ્રથમ રચેલી ગુણ શ્રેણીમાં બાકીની કર્મની તમામ પ્રકૃતિઓ સમયે સમયે ઉત્તરોત્તર આગળને આગળ અસંખ્યાત ગુણી નિર્જરાથી ખપાવ્યે જ જતા હોય છે. છેલ્લે સમયે કર્મોના છેલ્લા અસંખ્ય અંશોને ખપાવી નાખે છે. અને એ રીતે વેદનીય નામગોત્ર અને આયુએ ચારેય કર્મોને તમામે તમામ ખપાવી નાખે છે. ૨૮૫

सर्वगतियोग्यसंसारमूलकरणानि सर्वभावीनि ।
औदारिकतैजसकार्मणानि सर्वात्मनात्यक्त्वा ॥२८६॥

સર્વ ગતિને યોગ્ય સંસારના મૂળ કારણ અને સર્વજીવોને સદા સાથે રહેનાર ઔદારિક તૈજસ અને કાર્મણ એ, ત્રણેય શરીરોને તદ્દન છોડી દઈને એટલે કે શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરી લે છે. ૨૮૬

देहत्रयनिर्मुक्तः प्राप्यर्जुश्रेणिवीतिमस्पर्शाम् ।
समयेनैकेनाविग्रहेण गत्वोर्ध्वगतिमप्रतिघः ॥२८७॥

મુક્ત જીવ કેવળ ક્ષાયિક સમ્યક્ત્વ જ્ઞાન અને દર્શન સ્વરૂપ થાય છે અને સાદિ અનંત અનુપમ અવ્યાબાધ અને સર્વોત્કૃષ્ટ સુખ પામે છે ૨૮૭

सिद्धिक्षेत्रे विमले जन्मजरामरणरोगनिर्मुक्तः ।
लोकाग्रगतः सिध्यति साकारेणोपयोगेन ॥२८८॥

મુક્તજીવ જગતમાં વિદ્યમાન હોય છે. ભાવપદાર્થ રૂપ છે તેનો અભાવ હોતો નથી તે અભાવરૂપ નથી કેમકે આત્માનું ઉપયોગ વગેરે લક્ષણ તે વખતે મોક્ષમાં પણ વિદ્યમાન રહે છે એટલે મુક્ત સ્વરૂપે પણ આત્મા પોતે વિદ્યમાન હોય છે. ૨૮૮

सादिकमनन्तमनुपममव्याबाधसुखमुत्तमं प्राप्तः ।
केवलसम्यक्त्वज्ञानदर्शनात्मा भवति मुक्तः ॥२८९॥

मुक्तः सन्नाऽभावः स्वालक्षण्यात्स्वतोऽर्थसिद्धेश्च ।
भावान्तरसंक्रान्तेः सर्वज्ञाज्ञोपदेशाच्च ॥२९०॥

પ્રત્યેક પદાર્થ પોતાની વિદ્યમાનતા પોતાના સંપૂર્ણ સ્વ-રૂપથી જ ધરાવતા હોય છે તેથી પદાર્થના સ્વરૂપનો કદી નાશ થતો ન હોવાથી આત્મા સંસારી અવસ્થા છોડીને માત્ર મુક્તાવસ્થારૂપ બીજી અવસ્થા પ્રાપ્ત કરે છે. પરંતુ સર્વથા નષ્ટ થઈ જતો ન હોવાથી અને સર્વજ્ઞપ્રભુની આજ્ઞા ને ઉપદેશમાં

પણ તેઓ અભાવ કહેવામાં આવેલો ન હોવાથી શાસ્ત્રપ્રમાણથી મુક્ત આત્મા સદા વિદ્યમાન પદાર્થ છે. ૨૮૯-૨૯૦

त्यक्त्वा शरीरबन्धनमिहैव कर्माष्टकक्षयं कृत्वा ।
न स तिष्ठत्यनिबन्धादनाश्रयादप्रयोगाच्च ॥२९१॥

આઠ કર્મોનો ક્ષય થઈ જવા અને શરીરનું બંધન સર્વથા છૂટી જવાથી કારણ વિના આધાર-આશ્રય વિના અને સ્થિતિ માટેના પ્રયોગની મદદ વિના તે વિમુક્તાત્મા આ સંસારમાં ટકી રહી શકતો નથી. ૨૯૧

नाधो गौरवविगमादशक्यभावाच्च गच्छति विमुक्तः ।
लोकान्तादपि न परं प्लवक इवोपग्रहाभावात् ॥२९२॥

કર્મોનો ભાર ચાલ્યો જવાથી તે વિમુક્તાત્મા નીચે જતો નથી તેમજ જેમ વહાણ મદદગાર પાણી ન હોય તો આગળ તરી શકતું નથી તેમ જીવ દ્રવ્યને આગળની ગતિ કરવામાં ધર્માસ્તિકાય દ્રવ્યની મદદ મળતી ન હોવાથી તેનાથી લોકના વિશ્વના ઉપરની કોરથી આગળ જઈ શકાતું જ નથી ૨૯૨

योगप्रयोगयोश्चाभावात्तिर्यग् न तस्य गतिरस्ति ।
सिद्धस्योर्ध्वं मुक्तस्यालोकान्ताद्गतिर्भवति ॥२९३॥

મન-વચન-કાયાના યોગોનો અને પ્રયોગ ક્રિયાનો અભાવ હોવાથી આત્મા તીછીંગતિ પણ કરતો નથી માટે મુક્ત થયેલા સિદ્ધ-આત્માની ગતિ ઊંચે જ અને લોકના છેડા સુધી થાય છે.

पूर्वप्रयोगसिध्धेर्बन्धच्छेदादसङ्गभावाच्च ।
गतिपरिणामाच्च तथा सिद्धस्योर्ध्वं गतिः सिद्धा ॥२९४॥

લાકડીથી ચાકડો ફેરવીને લાકડી લઈ લીધા પછી પણ જેમ પ્રથમની અસરને લીધે ચાકડો ફર્યા કરે છે તેમ શરીર ધારણ કાળના પૂર્વ પ્રયોગને લીધે, જેમ એરંડાના ફળના બંધન તુટી જવાથી તે ઊછળે છે, તેમ શરીર અને કર્મોનાં બંધનો તૂટી

જવાને લીધે જેમ હલકું છતાં તુંબડું માટીના લેપથી ડૂબે છે. પરંતુ જો તે લેપનો સંબંધ છૂટી જાય તો તે ઉપર તરી આવે છે તેમ કર્મોનો લેપ ઊતરી જવાને લીધે અને જેમ દીવાની સગ ઊંચે જ જાય છે, તેમ આત્માનો ગતિ પરિણામ ઊંચે જવાના સ્વભાવવાળો હોવાને લીધે સિદ્ધના જીવોની ઊંચે ગતિ થાય છે.

देहमनोवृत्तिभ्यां भवतः शारीरमानसे दुःखे ।
तदभावात्तदभावे सिद्धं सिद्धस्य सिद्धिसुखम् ॥२९५॥

આત્મને શરીર અને મનનો યોગ હોવાથી શારીરિક અને માનસિક દુઃખો ભોગવવાં પડે છે પરંતુ સિદ્ધના જીવોને શરીર અને મન ન હોવાથી તે બન્નેયનાં દુઃખો પણ તેને હોતા જ નથી તેથી મોક્ષમાં પરમ સુખ જ હોય છે એમ બરાબર ખાત્રીથી સાબિત થાય છે. ૨૯૫

यस्तु यतिर्घटमानः सम्यक्त्वज्ञानशीलसंपन्नः ।
वीर्यमनिगूहमानः शक्त्यनुरूपं प्रयत्नेन ॥२९६॥

જે મુનિ એ જ પ્રમાણે પ્રયત્નશીલ હોય, સમ્યકત્વ જ્ઞાન અને ચારિત્રથી સંપન્ન હોય પોતાનું સંયમમાં વીર્ય જરા પણ છુપાવતા ન હોય અને આગળને આગળ વધવાના પ્રયત્નો પોતાની શક્તિ અનુસારે ચાલુ રાખતા હોય છતા પણ મોક્ષમાં ન જઈ શકે તો– ૨૯૬

संहननायुर्बलकालवीर्यसंपत्समाधिवैकल्यात् ।
कर्मातिगौरवाद्वा स्वार्थमकृत्वोपरममेति ॥२९७॥

સંહનન શરીરની મજબૂતીની આયુષ્યની, બળની, કાળની વીર્યની સંપત્તિ અને સમાધિ ચિત્તની સ્થિરતા ખામીવાળી હોય અથવા કર્મનો ભાર હજુ ખૂબ વધારે હોય તો પોતાનો મોક્ષ પ્રાપ્તિરૂપ સ્વાર્થ સાધવા. ૨૯૭

सौधर्मादिष्वन्यतमकेषु सर्वार्थसिद्धिचरमेषु ।
स भवति देवो वैमानिको महर्द्धिर्द्युतिवपुष्कः ॥२९८॥

तत्र सुरलोकसौख्यं चिरमनुय स्थितिक्षयात्तस्मात् ।
पुनरप मनुष्यलोके गुणवत्सु मनुष्यसंघेषु ॥२९९॥
जन्म समवाप्य कुलबन्धुविभवरूपबलबुद्धिसपन्नः ।
श्रद्धासम्यक्त्वज्ञानसंवरतपोवलसमग्रः ॥३००॥

પહોંજ મરણ પામી જાય છે તો પણ તે સૌધર્મ દેવલોકથી માંડીને ઠેઠ છેલ્લા સર્વાર્થસિદ્ધ નામના વિમાન સુધીના કોઈપણ દેવલોકમાં મહાઋદ્ધિયુક્ત અને તેજસ્વી શરીરયુક્ત વૈમાનિક દેવલોકના લાંબા વખત સુધી સુખો ખૂબ ભોગવીને આયુષ્ય પુરું થાય ત્યારે ત્યાંથી નીકળી ફરીથી મનુષ્યગતિમાં અર્વાીન ઉત્તમ ગુણો ધારણ કરતી જાતિ કુળ આચાર વગેરેથી સંપન્ન માનવ જાતિઓમાં માનવસંઘમાં જન્મ ધારણ કરીને કુળ, કુટુંબ વૈભવરૂપ બળબુદ્ધિથી સંપન્ન-શ્રદ્ધા સમ્યકત્વ જ્ઞાન સંવર અને તપોબળ વગેરેથી-૨૯૮- ૨૯૯-૩૦૦

पूर्वोक्तभावनाभावितान्तरात्मा विधूतसंसारः ।
सेत्स्यति ततः परं वा स्वर्गान्तरित स्त्रभवभावात् ॥३०१॥

સમૃદ્ધ અને પૂર્વે કહેલી બાર ભાવનાઓથી સંસ્કારી અંતરાત્માવાળા તે મુનિશ્રી વચમાં દેવના એક ભવ કરે છે. તેથી એમ ત્રીજે ભવે સંસારનો નાશ કરીને પછી મોક્ષમાં જાય જ છે ૩૦૧

यश्चेह जिनवरमते गृहाश्रमी निश्चितः सुविदितार्थः ।
दर्शनशीलव्रतभावनाभिरभिरञ्जितमनस्कः ॥३०२॥

અને જે આ મનુષ્યગતિમાં ગૃહસ્થાશ્રમમાં રહેલો હોય, જિનેશ્વરપ્રભુના મતમાં દૃઢનિશ્ચયી હોય, તત્ત્વના સારા જ્ઞાતા હોય, દર્શન, આચારો, વ્રતો અને ભાવનાઓથી રંગાયેલા માનસવાળા હોય. ૩૦૨

स्थूलवधानृतचौर्यपरस्त्रीरत्यरतिवर्जितः सततम् ।
दिग्व्रतमिह देशावकाशिकमनर्थविरतिं च ॥३०३॥

સ્થૂલથી પ્રાણીવધ અસત્ય ચોરી પરસ્ત્રી વિષયોમાં આસક્તિ અને વ્રતાદિકમાં ઉદ્વેગમૂર્છા ઇચ્છાથી કાયમ રહિત હોય. (૭૪)

सामायिकं च कृत्वा पौषधमुपभोगपारिमाण्यं च ।
न्यायागतं च कल्प्ये विधवत्पात्रेषु विनियोज्यम् ॥३०४॥

દિગ્પરિમાણ વ્રત દેશાવગાસિકવ્રત, અનર્થવિરમણ વ્રત સામાયિક પૌષધ અને ઉપભોગ પરિભોગના પરિમાણનું વ્રત ધારણ કરેલ હોય, વિધિપૂર્વક પાત્રોમાં ન્યાયથી મેળવેલા અને કલ્પી શકે તેવા દ્રવ્યનુ દાન આપનાર હોય. ૩૦૪

चैत्यायतनप्रस्थापनानि च कृत्वा शक्तितः प्रयतः ।
पूजाश्च गन्धमाल्याधिवासधूपप्रदीपाद्याः ॥३०५॥

પ્રતિમા અને દેરાસરોની સ્થાપના-પ્રતિષ્ઠા કરનાર હોય, શક્તિ પ્રમાણે જાગૃત ભાવે પ્રયત્નપૂર્વક ગંધ, માળા, અત્તર વગેરે સુગંધી ધૂપ અને દીપક વગરેથી પૂજા કરનાર હોય, હંમેશાં શાંતરસમાં ઝીલતા હોય. ૩૦૫

प्रशमरतिनित्यतृषितो जिनगुरुसाधुजनवन्दनाभिरतः ।
संलेखनां च काले योगेनाराध्य सुविशुद्धाम् ॥३०६॥
प्राप्तः कल्पेष्विन्द्रत्वं वा सामानिकत्वमन्यद्वा ।
स्थानमुदारं तत्रानुभूय च सुखं तदनुरूपम् ॥३०७॥

જિનેશ્વર દેવો આચાર્યોદિ ગુરુ મહારાજાઓને અને સંતસાધુ પુરુષોને હંમેશાં વંદન-નમન કરવામાં તત્પર હોય અને મરણ કાળ યોગે કરીને ધર્મ ધ્યાને કરીને અત્યંત શુદ્ધ રીતે સંલેખનાની આરાધના કરી હોય તે શ્રાવક દેવલોકમાં જઈને ઇંદ્ર પણે સામાનિક દેવપણે અથવા બીજા કોઈ દેવ પણે ઊંચું સ્થાન પ્રાપ્ત કરીને તે સ્થળને લાયકનાં સુખો ભોગવીને-૩૦૬-૩૦૭

नरलोकमेत्य सर्वगुणसंपदं दुर्लभां पुनर्लब्ध्वा ।
शुद्धः स सिद्धिमेष्यति भवाष्टकाभ्यन्तरे नियमात् ॥३०८॥

મનુષ્યલોકમાં આવ્યા પછી અહીં પણ કોઈ નેય ન મળી શકે તેવી સર્વ ગુણો અને સર્વસંપત્તિઓ ભોગવીને શુદ્ધ થઈને આઠ જ ભવોમાં ચોક્કસ મોક્ષમાં જાય છે. ૩૦૮

इत्येवं प्रशमरतेः फलमिह स्वर्गापवर्गयोश्च शुभम् ।
संप्राप्यतेऽनगारैरगारिभिश्चोत्तरगुणाढ्यैः ॥३०९॥

એ પ્રમાણે ઉત્તમ ગુણોથી સમૃદ્ધ મુનિમહાત્માઓ અને ગૃહસ્થ શ્રાવકો આ જન્મમાં સ્વર્ગમાં, અને મોક્ષમાં પ્રશમરતિ વૈરાગ્ય શાન્તિનાં ઉત્તમોત્તમ ફળો પ્રાપ્ત કરી શકે છે. ૩૦૯

जिनशासनार्णवादाकृष्टां धर्मकथिकामिमां श्रुत्वा ।
रत्नाकरादिव जरत्कपर्दिकामुध्धृतां भक्त्या ॥३१०॥
सद्भिर्गुणदोषज्ञैर्दोषानुत्सृज्य गुणलवा ग्राह्या ।
सर्वात्मना च सततं प्रशमसुखायैव यतितव्यम् ॥३११॥

જેમ મોટામાં મોટા રત્નોની ખાણ જેવા દરિયામાંથી જૂની કોડી કોઈ બહાર કાઢી લાવે તેમ જૈન શાસન રૂપી મહાસાગરમાંથી આ ધર્મોપદેશ આપનારી નજીવી વાતો મેં બહાર કાઢી છે તેને ભક્તિભાવ પછી ગુણો અને દોષોના પરીક્ષક સજ્જન પુરુષોએ દોષો જતા કરીને અને થોડા થોડા ગુણો હોય તે ગ્રહણ કરી લઈને હંમેશાં દરેક પ્રકારના પ્રયત્નો કરીને શાન્તિના સુખને માટે ઉદ્યમવંત રહેવાનું છે. ૩૧૦–૩૧૧

यच्चासमंजसमिह छन्दःशब्दसमयार्थतो (मया?)ऽभिहितम् ।
पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् ॥३१२॥

છંદશાસ્ત્ર, શબ્દશાસ્ત્ર અને આગમ ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ અને ભૂલ ભરેલું જે કંઈ મેં આ પ્રકરણમાં કહ્યું હોય તે સર્વની પોતાના સગા દીકરાના ગુનાની જેમ વડીલ–જ્ઞાની પુરુષોએ મને ક્ષમા આપવાની રહી ૩૧૨

सर्वसुखमूलबीजं सर्वार्थविनिश्चयप्रकाशकरम् ।
सर्वगुणसिद्धिसाधनधनमर्हच्छासनं जयति ॥३१३॥

સર્વ સુખોના મૂળ બીજરૂપ સર્વ પદાર્થનો નિર્ણય કરવામાં પ્રકાશ આપનારું અને સર્વ પ્રકારના ગુણો મેળવી લેવા માટેના ધનરૂપ સાધન જેવું શ્રીજૈનશાસન સદા વિજય પામે છે. ૩૧૩

॥ समाप्तमिदं श्रीवाचकेन्द्रोमास्वामिविरचितं श्रीप्रशमरतिप्रकरणम् ॥

[ અનુસંધાન મુખપૃષ્ઠ ૨ નું ચાલુ...

૫૪. ભુર્ભુવઃ સ્વઃ ભાગ ૨
૫૫. જૈન કથાઓ–સુબોધ કથાઓ
૫૬ સુબોધ કથાઓ–જૈન દર્શન
૫૭. બૃહદ્ સંગ્રહણી સાર્થ
૫૮. જૈન ધર્મ પ્રવેશક ભાગ ૧
૫૯. ઉપમિતિ ભવ પ્રપંચાકથા ભાગ ૧
૬૦. ઉપમિતિ ભવ પ્રપંચાકથા ભાગ ૨
૬૧. નૂતન સ્તવનાવળી
૬૨. ઉપદેશસિત્તરી
૬૩. સહસ્રકુટ નામાવલી
૬૪. જૈન કથાઓ ભાગ ૧૩
૬૫. " " " ૧૪
૬૬. " " " ૧૫
૬૭. જૈન મહાભારત
૬૮. જૈન ઇતિહાસ
૬૯. જૈનધર્મ પ્રવેશક ભાગ ૨
૭૦. સચિત્ર જૈન રામાયણ
૭૧. વસુદેવહિંડ ચરિત્ર
૭૨. સમકિત–મૂળ બાર વ્રતકથાઓ
૭૩. નવ સ્મરણ–મૂળ
૭૪. નવપદ મહાત્મ્ય
૭૫. લઘુક્ષેત્ર સમાસસાર્થ
૭૬. અકલંક આત્મકથા
૭૭. સાધુસાધ્વી આવશ્યક સૂત્રાર્થ
૭૮. ચેઈયથયથુઈ સજ્ઝાયમાળા ભાગ ૩
૭૯. જૈન કથાઓ ભાગ ૧૬
૮૦. " " " ૧૭
૮૧. નવકારના જાપની નોંધ
૮૨. તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ
૮૩. જૈન ધર્મપ્રવેશક ભાગ ૩
૮૪. જૈન પ્રશ્નોત્તરી ભાગ ૧
૮૫ " " " ૨
૮૬. " " " ૩
૮૭. બે પ્રતિક્રમણ તથા પ્રકીર્ણ સંગ્રહ
૮૮. જૈન કથાઓ ભાગ ૧૮
૮૯. " " " ૧૯
૯૦. " " " ૨૦
૯૧. ચોસઠ પ્રકારી પૂજા સાર્થ ભાગ ૧
૯૨. " " " ભાગ ૨
૯૩. વિવિધ પૂજા સાર્થ ભાગ ૧
૯૪. " " " ભાગ ૨
૯૫. છંદ, સ્તવન, સજ્ઝાય સંગ્રહ
૯૬. જૈનધર્મનો પરિચય
૯૭. આગમસાર
૯૮ પ્રશમરતિ
૯૯. જૈન કથાઓ ભા–૨૧
૧૦૦. સામયિક ચૈત્યવંદન તથા દેવચંદ્રજીની ચોવીશી સાર્થ
૧૦૧. પારસમણિ

卐

ણમો વીયરાયાણ ।　　　　　　　　　નમોનમઃ શ્રી ગુરુધર્મસૂર

# અભિપ્રાય

વિદ્વાન તપસ્વી મુનિવર શ્રી અકલંકવિજયજી દ્વારા અનેક જૈન ધર્મનું ચરિત્રાદિ વાર્તાસાહિત્ય બહાર પડે છે. જેઓને સંસ્કૃતનું જ્ઞાન નથી તેવા બાલજીવોને તેમનું સાહિત્ય ઉપયોગી બની શકે તેવું છે. સકલ જૈન સંઘે અને જૈન સમાજના સાહિત્યપ્રેમી-ધર્મપ્રેમીઓએ તેમના શુભ પ્રયત્નમાં હંમેશા સારો સહકાર આપવો જોઈએ.

એ જ વિજયકનકરત્નસૂરિ

મુનિ અકલંકવિજયજીએ કુલ ૧૦૮ પુસ્તકોનું પ્રકાશન કરવાનું વિચાર્યું છે અને એમાં ૯૫ પુસ્તકો છપાયાં છે. આ પ્રકાશન પ્રવૃત્તિ પાછળનો હેતુ દૃષ્ટાંતકથાઓ-ચરિત્રો અને આત્મવૃત્તાંતો દ્વારા લોકોમાં ધાર્મિક રુચિ ઊભી કરી તેમને સદાચાર અને સદ્ધર્મ તરફ વાળવાનો છે. સમાજના સામાન્ય સ્તરના મોટા સમુદાયને આવી દૃષ્ટાંતકથાઓમાં રસ પડે છે. એટલું જ નહિ પરંતુ એમના જીવન ઉપર પણ થોડેઘણે અંશે એની અસર થાય છે. આ શુભ પ્રવૃત્તિ બદલ તપસ્વી મુનિ અકલંકવિજયજી ધન્યવાદને પાત્ર છે.

મુગટલાલ પો. બાવીશી
પીએચ.ડી.
૪/૪, સાંઈ એપાર્ટમેન્ટ,
હવાડિયા ચકલા પાછળ,
સુરત-૩૯૫૦૦૩.